Thursday, 26 February 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક


# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૬૪ ● સંવત-૨૦૮૨ ફાગણ સુદ દશમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




# છેલ્લા ૧૦ વર્ષમાં બદલાયેલું દમણ: અદ્યતન ફિશિંગ જેટીનું કામ પ્રગતિ ઉપર

**૪૫૦ વર્ષના ફિરંગી શાસન દરમિયાન નિર્મિત કિલ્લા અને ચર્ચ જ દમણની માત્ર શોભા હતા, પરંતુ હવે ૧૦ વર્ષમાં દમણની દશા અને દિશા બદલાતા પ્રવાસનની સાથે સાથે ધંધા-રોજગારને પણ મળેલું બૂસ્ટર**



તસવીરઃ રાહુલ ધોડી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૫**
**(અહેવાલઃ નગીન ગાંવિત)**

છેલ્લા ૧૦ વર્ષમાં દમણ ફક્ત બદલાઈ જ નથી રહ્યું, પરંતુ બદલાઈ પણ ગયું છે. નાની દમણના સમુદ્ર કિનારે વિશાળ ફિશિંગ જેટીનું નિર્માણ થઈ રહ્યું છે. જેના કારણે માછીમારોને વરસાદમાં પોતાની બોટોના પાર્કિંગથી લઈ મચ્છીના જથ્થાના વહનમાં પણ સરળતા રહેશે.

નાની દમણ કિલ્લાને અડીને આવેલ ખુલ્લી જગ્યામાં પોકેટ ગાર્ડનનું નિર્માણ પ્રસ્તાવિત હોવાનું દેખાય છે. જેના કારણે આ વિસ્તારની રોનક પણ વધશે.

ફિરંગી સલ્તનતના ૪૫૦ વર્ષ દરમિયાન બનેલા કિલ્લા અને ચર્ચ જ માત્ર દમણની શોભા હતી. પરંતુ દેશમાં મોદી સરકારના આગમન બાદ પ્રશાસક તરીકે શ્રી પ્રફુલભાઈ પટેલના ૧૦ વર્ષના કાર્યકાળ દરમિયાન દમણની દશા અને દિશા બદલાઈ ચુકી છે અને હવે આ ટચૂકડો વિસ્તાર પ્રવાસનની સાથે રોજગાર ધંધાનું પણ મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી ચુક્યું છે.

# દમણના ગાંજાનો મુખ્ય સપ્લાયર અને ટેમ્પો ચાલક પારડીથી ઝડપાયાઃ પારડી પોલીસે ૨. ૦૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૫**

વલસાડ જિલ્લામાં નશીલા પદાર્થોની હેરાફેરી ડામવા માટે પારડી પોલીસ એક્શન મોડમાં છે. બાતમીના આધારે પારડી પોલીસે ભેંસલાપાડા ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરી, દમણથી ગાંજાનો જથ્થો લઈને આવતા એક શખ્સને ઝડપી પાડ્યો છે અને ગણતરીના કલાકોમાં જ ઝડપી આ માલ આપનાર દમણના મુખ્ય આરોપીને પણ જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પારડી પોલીસ મથકના પી.આઈ શ્રી જી.આર.ગઢવીના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. કાનજીભાઈ નથુભાઈની ટીમને બાતમી મળી હતી કે એક સફેદ રંગનો સુપર કેરી ટેમ્પો જીજે-૧૫-એવી-૭૩૮૧માદક પદાર્થ લઈને પરીયા ગામ તરફથી આવી રહ્યો છે. જે આધારે વોચ ગોઠવી ટેમ્પો ને અટકાવ્યો હતો.અને ક્લીનર સીટની પાછળથી પ્લાસ્ટિકની થેલીમાં સંતાડેલો વનસ્પતિજન્ય ગાંજો મળી આવ્યો હતો. જેથી પારડી પોલીસે ઘટનાસ્થળે એફ.એસ.એલ. અધિકારીને બોલાવી પદાર્થનું પરીક્ષણ કરાવતા તે ગાંજો હોવાનું પ્રમાણિ થયું હતું. પોલીસે કુલ ૭૪.૫૨૦ ગ્રામ ગાંજો કિંમત રૂા.૨૩,૭૨૬, તેમજ એક મોબાઈલ ફોન કિંમત રૂા.૫,૦૦૦ અને સુપર કેરી ટેમ્પો કિંમત રૂા.૨,૦૦,૦૦૦ મળી કુલ ૨,૦૮,૭૨૬નો મુદ્દામાલ કબજે કર્યો છે. ઉપરાંત ટેમ્પો ચાલક પ્રકાશસિંહ કામેશ્વરસિંહ રાજપૂત (રહે. બાલદા, પારડી) ધરપકડ કરી પોલીસે સઘન પૂછપરછ કરતા આ જથ્થો તેને દમણના વિપિન નાગેશ્વર શાહુએ આપ્યો હતો.

પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આ કેસના મુખ્ય સૂત્રધાર અને માલ સપ્લાય કરનાર વિપિન નાગેશ્વર શાહુ (રહે. ભીમપોર, દમણ) ની ધરપકડ કરી છે. અગાઉ તે વોન્ટેડ હતો, પરંતુ પોલીસે ટેક્નીકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તેને ઝડપી પાડ્યો છે.

# સંઘપ્રદેશમાં છેતરપિંડીના વધતા જતા કૃત્યોનો સામનો કરવા માટે દાનહ પોલીસે ‘સાઈબર રક્ષક’ પહેલનો કર્યો પ્રારંભ

**દાનહ પોલીસ નાગરિકોને સાઈબર જોખમ સામે રક્ષણ આપવા અને સહયોગી પ્રયાસ દ્વારા જનજાગૃતિને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધઃ પહેલના ભાગરૂપે પ્રથમ તબક્કામાં ૫૦ વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક તાલીમ આપવામાં આવી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૫**

સમગ્ર દેશ સહિત સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં પણ સાઈબર છેતરપિંડી અને ઓનલાઈન નાણાકીય ગુનાઓની વધતી જતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને દાદરા નગર હવેલી પોલીસ દ્વારા જિલ્લામાં સાઈબર જાગૃતિને મજબૂત બનાવવા માટે એક સક્રિય પહેલ શરૂ કરી છે.

દાનહ પોલીસે શરૂ કરેલી પહેલ અંતર્ગત વધતા જતા સાઈબર ક્રાઈમના કેસોનો સામનો કરવા અને લોકોને સલામત ઓનલાઈન પ્રથાઓ વિષે શિક્ષિત કરવા માટે દાનહ પોલીસ દ્વારા વિવિધ શાળાઓ અને કોલેજમાં વિદ્યાર્થીઓને સાઈબર રક્ષક તરીકે તાલીમ આપવાનું લક્ષ્ય રાખ્યું છે. આ તાલીમ પામેલ વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે કાર્ય કરશે અને સાઈબર લોકોમાં જાગૃતિ ફેલાવવામાં દાનહ પોલીસને મદદ કરશે અને જિલ્લાભરમાં સાઈબર ક્રાઈમ નિવારણ અને રિપોર્ટિંગ વિષે નાગરિકોને શિક્ષિત કરશે.

આ પહેલના ભાગરૂપે પ્રથમ તબક્કામાં ૫૦ વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક તાલીમ આપવામાં આવી છે. જેનો ઉદ્દેશ્ય સક્રિય યુવાનોની ભાગીદારી દ્વારા એક જાગ્રુત અને ડિજિટલી સુરક્ષિત સમુદાયનું નિરીક્ષણ કરવાનો છે.

દાનહ પોલીસ દરેક નાગરિકને સલાહ આપે છે કે, અજાણી લિંક પર ક્લીક કરવાનું અથવા શંકાસ્પદ ફાઈલો/એટેચમેન્ટ ડાઉનલોડ કરવાનું ટાળો, ક્યારેય કોઈની સાથે ઓટીપી, પાસવર્ડ, સીવીવી નંબર કે બેંક વિગતો શેર કરશો નહિ, ડીજીટલ અરેસ્ટ કૌભાંડથી સાવધ રહો, કાયદા અમલીકરણ એજન્સીઓ પૈસાની માંગણી કરતી નથી અથવા વિડીયો કોલ દ્વારા તપાસ કરતી નથી. સાઈબર છેતરપિંડી કિસ્સામાં ૧૯૩૦ પર કોલ કરીને અથવા www.cybercrime.gov.in પર તાત્કાલિક જાણ કરો. દાનહ પોલીસ નાગરિકોને સાઈબર જોખમ સામે રક્ષણ આપવા અને સહયોગી પ્રયાસ દ્વારા જનજાગૃતિને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ધરમપુરના સહયોગથી ‘લાયન્સ ક્લબ’ અને ‘ગંગા સમગ્ર’ દમણ દ્વારા નાની દમણના બરૂડિયા શેરી ખાતે આંખો અને હિમોગ્લોબીનની મફત તપાસ શિબિર યોજાઈ: ૧૭૫ લોકોએ લીધેલો લાભ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૫**

શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ધરમપુરના સહયોગથી ‘ગંગા સમગ્ર’ દમણ જિલ્લા પરિષદના મહિલા પ્રભારી શ્રીમતી સિમ્પલબેન કટેલાના માર્ગદર્શન હેઠળ અને અધ્યક્ષ શ્રી એસ.કે. શુક્લા, ગંગા સમગ્ર મહામંત્રી શ્રી રાજેન્દ્ર કોકાટેની નિગરાનીમાં આજે બુધવાર, તા.૨૫ ફેબ્રુઆરીના રોજ સવારે ૯:૩૦ વાગ્યે બરુડિયા શેરી નાની દમણના કોમ્યુનિટી હોલમાં આંખો અને હિમોગ્લોબિનની મફત તપાસ શિબિર આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે શ્રી અરુણ માલપુરે, આરોગ્ય પરિમાણ પ્રમુખ શ્રી દીપક અમૃતકર, શ્રી યોગેશભાઈ રાજપૂત, શ્રી ચંદ્રશેખર કડુ, શ્રી શૈલેષ મહેતા, શ્રી રાજેન્દ્ર નિરવ, શ્રી મોહિત ખંડેલવાલ, શ્રી કાંતિભાઈ પામશી, શ્રીમતી પુષ્પાબેન ધુકા, શ્રીમતી રુક્મણીબેન ભાનુશાળી, શ્રીમતી જયોતિબેન પટેલ, શ્રીમતી કલ્પના મહલ્લે, શ્રીમતી સુનિતા રેડ્ડી, શ્રીમતી પૂનમ સિંહ, શ્રીમતી સોનુ પટેલ, શ્રીમતી ગાયત્રીબેન ઠક્કર, શ્રીમતી સંગીતા શર્મા, શ્રીમતી સરિતા શર્મા, શ્રીમતી સીમા ભાર્ગવ, શ્રીમતી નિમિષા દેસાઈ, શ્રીમતી શેજલ પાંચાલની હાજરીમાં અને શ્રીમદ્ રાજચંદ્ર સહિત તમામ સ્ટાફ સભ્યોનો સહયોગ રહ્યો હતો.

આ શિબિરમાં ઉપસ્થિત બરુડિયા શેરીના તમામ ભાઈ-બહેનોની આંખો અને હિમોગ્લોબિનની મફત તપાસ કરવામાં આવી હતી. દરમિયાન, બાળકો, માતાઓ, બહેનો, મોટા ભાઈઓને મફત ચશ્મા અને દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# સેલવાસની એસ.એસ.આર. કોલેજ (ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ) દ્વારા યોજાયો Zest@IMR કાર્યક્રમ

**શ્રીમતી દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજની ત્રીજા વર્ષની વિદ્યાર્થીની પ્રતિભા શર્મા વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ક્રમે રહી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૫**

SSR કોલેજ, સેલવાસ (ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ) દ્વારા આયોજિત Zest@IMR કાર્યક્રમના ભાગ રૂપે યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં શ્રીમતી દેવકીબા મોહનસિંહ ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સની સાયન્સ ફેકલ્ટીના ત્રીજા વર્ષની વિદ્યાર્થીની શ્રીમતી પ્રતિભા શર્માએ બીજું ઈનામ જીતીને કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં વિવિધ કોલેજોના સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શ્રીમતી પ્રતિભા શર્માએ તેમના પ્રભાવશાળી વક્તૃત્વ કૌશલ્ય, આત્મવિશ્વાસપૂર્ણ પ્રસ્તુતિ અને વિષયની ઊંડાણપૂર્વકની સમજણથી નિર્ણાયકોને પ્રભાવિત કર્યા હતા. તેમના શક્તિશાળી અને સંતુલિત ભાષણે કાર્યક્રમને વિશિષ્ટ બનાવ્યો હતો, આ સિદ્ધિ કોલેજ પરિવાર માટે ગર્વની ક્ષણ બની હતી. સંસ્થાના પ્રમુખ શ્રી ફત્તેહસિંહ એમ. ચૌહાણે પ્રતિભા શર્માને આ નોંધપાત્ર સિદ્ધિ બદલ હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વિદ્યાર્થીની સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બનશે અને ભવિષ્યમાં તે સંસ્થાને ગૌરવ અપાવતી રહેશે.

મેનેજમેન્ટ કમિટીના અન્ય સભ્યો, પ્રિન્સિપાલ અને ફેકલ્ટીએ પણ પ્રતિભા શર્માની પ્રશંસા કરી અને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી. શ્રી ફત્તેહસિંહ એમ. ચૌહાણે જણાવ્યું હતું કે, આ સિદ્ધિ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને કોલેજના ગુણવત્તાયુક્ત શિક્ષણનો પુરાવો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીમતી દેવકીબા



મોહનસિંહ ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સના વિદ્યાર્થીઓ સતત ઉત્કૃષ્ટ શૈક્ષણિક શ્રેષ્ઠતા તેમજ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું પ્રદર્શન કરે છે.




## સુવિચાર - સદ્‌વિચાર

જીવનમાં વિજય મેળવવા માટે મનોબળ મજબૂત હોવો જોઈએ.

## કવિતા-ભજન-પદ-ગરબા

### સમજે તેને સુખ

સદા સુખિયા જગતમાં સંત
દુરિજન સદા દુઃખિયા રે
ના આવે જેને અકળામણનો અંત
મૂરખ મનના મુખિયા રે !

રુએ રાત ને દી ઓલ્યા રાંક, ભૂખે મન ભટકે રે,
વડો પૂરવ જનમનો વાંક, આજ ખરેખરો ખટકે રે...

તાલેવરને નાણાનો સંતાપ, ધખના એને ધનની રે,
મારાં નાણાંનો થઈ જાય નાશ, ઝૂરે ઈ તો ઝાઝું રે...

સુવાસણને ધણીનો સંતાપ, હુકમ એને દાડી રે
તો વિધવાનાં પૂરણ પાપ, ઉંમર ઓશિયાળી રે...

વણ પરણેલા મનમાં મૂંઝાય, ફોગટ જેવા ફરીએ રે,
તો પરણેલા પૂરણ પસ્તાય, હવે કેમ કરીએ રે!...

જેને પ્રપંચ ઉપર ઝાઝી છે પ્રીત, ઝૂરે ઈ ઝાઝું રે,
'ઋષિરાજ'ની છે આ શીખ, સમજે તેને સુખ સાચું રે...

- ઋષિરાજ

## આજની જોક

ઈન્ટરવ્યૂ લેનારે પૂછ્યું : 'હાડપિંજર એટલે શું?'
મગન : 'સર હાડપિંજર એટલે એવો માણસ જે ડાયેટિંગ શરૂ કર્યા પછી ખાવાનું ભૂલી ગયો હોય!'

## કબીર વાણી

**પાત ઝરંતા દેખકે, હસતિ કુંપલિયાં;**
**હમ ચલે તુમ ચાલીયો, ધિરી બાપલિયાં.**

**- અર્થાત-**

પાતરાંને નિચે પડતાં જોઈ ડાળી હસવા લાગે છે ત્યારે પાતરાં કહે છે કે બેહેન, હમે તો ચાલ્યાં, તું જરા થોભ, તારો વારો આવશે ત્યારે તને પણ ચાલવું પડશે.

## આજનો દિન વિશેષ

### બજરંગ પુનિયા

બજરંગ પુનિયા (જન્મ ૨૬ ફેબ્રુઆરી ૧૯૯૪) એક ભારતીય કુસ્તીબાજ છે, જેણે ૨૦૧૮ એશિયન ગેમ્સમાં પુરૂષોની ૬૫ કિગ્રા વર્ગની સ્પર્ધાની ફાઈનલમાં જાપાની કુસ્તીબાજ તાકાતાની દાઇચીને ૧૧-૮ થી એકતરફી મેચમાં હરાવ્યો હતો. એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતનો ૯મો કુસ્તીબાજ બન્યો. બજરંગે પોતાનો સુવર્ણ ચંદ્રક પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલ બિહારી વાજપેયીને સમર્પિત કર્યો હતો.

હાલમાં, તે ભારતીય રેલ્વેમાં ગેઝેટેડ ઓફિસર ઓએસડી સ્પોર્ટ્સ તરીકે કામ કરે છે. પુનિયાને તેના ગામના વડીલોનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આનંદ આવે છે.

**કારકિર્દી :**

**૨૦૧૩ એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ**

નવી દિલ્હી, ભારતમાં, સેમિફાઈનલ મુકાબલામાં, બજરંગે ઉત્તર કોરિયાના હ્વાંગ યોંગ-હાક સામે ૩-૧થી હાર્યા બાદ પુરુષોની ફ્રી સ્ટાઈલ ૬૦ કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.રાઉન્ડ ઓફ ૧૬માં, તેનો સામનો જાપાનના શોગો મેડા સામે થયો, તેને ૩-૧થી હરાવ્યો. ક્વાર્ટર ફાઈનલમાં તેનો પ્રતિસ્પર્ધી ઈરાનના મુરાદ હસન હતો જેને તેણે ૩-૧થી હરાવી સેમિફાઈનલ માટે ક્વોલિફાય કર્યો હતો.

**૨૦૧૩ વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ :** બુડાપેસ્ટ, હંગેરીમાં, બજરંગે રેપેચેજ રાઉન્ડ દ્વારા બ્રોન્ઝ મેડલ માટે ક્વોલિફાય કરીને પુરુષોની ફ્રી સ્ટાઈલ ૬૦ કિગ્રા વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ત્યાં તે મંગોલિયાના એન્ખસાઈખાની ન્યામ-ઓચિરને મળ્યો અને તેને ૯-૨થી હરાવ્યો.રાઉન્ડ ઓફ ૩૨માં તેનો સામનો બુલ્ગેરિયાના વ્લાદિમીર ડુબોવ સામે થયો જેણે તેને ૭-૦થી હરાવ્યો. બલ્ગેરિયન કુસ્તીબાજ ફાઈનલમાં ક્વોલિફાય થયા પછી, બજરંગે જાપાનના શોગો મેડાનો સામનો કર્યો અને વોકઓવર મેળવ્યો. તેનો આગામી પ્રતિસ્પર્ધી રોમાનિયાનો ઈવાન ગાઈડા હતો અને રોમાનિયન સામે ૧૦-૩થી જીત મેળવીને બજરંગે બ્રોન્ઝ મેડલ મેચમાં સ્થાન મેળવ્યું હતું.ડેવ શુલ્ટ્ઝ મેમોરિયલ ટુર્નામેન્ટ, ૨૦૧૩ - સિલ્વર.ડેવ શુલ્ટ્ઝ મેમોરિયલ ટુર્નામેન્ટ, ૨૦૧૫ - સિલ્વર.અર્જુન એવોર્ડ, ૨૦૧૫

## રેસીપી :મસાલા રોટી

**ઘટકો :** એક ઊંડા બાઉલમાં ૧ કપ ઘઉંનો લોટ નાખો. ૧/૪ કપ સોયાનો લોટ ઉમેરો. તેના બદલે તમે આખા ઘઉંનો લોટ વાપરી શકો છો. ૧/૪ ટીસ્પૂન હળદર ઉમેરો. ૧/૨ ટીસ્પૂન લાલ મરચાંનો પાવડર ઉમેરો. એક ચપટી હીંગ ઉમેરો. ૧/૨ ટીસ્પૂન જીરું ઉમેરો. ૧ ટીસ્પૂન સોયા તેલ અથવા કોઈપણ તેલ ઉમેરો., ૨ ટેબલસ્પૂન બારીક સમારેલી કોથમીર ઉમેરો.સ્વાદ પ્રમાણે મીઠું ઉમેરો. અમે ૧/૩ ટીસ્પૂન મીઠું ઉમેર્યુ. ધીમે ધીમે પૂરતું પાણી ઉમેરો જેથી નરમ કણક બને. અમે પહેલા ૧/૩ કપ પાણી ઉમેર્યુ અને પછી. નરમ કણકમાં ભેળવી દો.ઢાંકીને ૧૫ મિનિટ માટે બાજુ પર રાખો.૧/૮ ટીસ્પૂન સોયા તેલ અથવા કોઈપણ તેલ ભેળવવા માટે ઉમેરો ફરીથી મસળો.**મસાલા રોટી બનાવવાની રીત :** મસાલા રોટી તૈયાર કરવા માટે, બધા ઘટકોને એક ઊંડા વાસણમાં મિશ્રિત કરવામાં આવે છે અને પૂરતા પાણીનો ઉપયોગ કરીને એક નરમ લોટ બાંધવામાં આવે છે. પછી લોટને લગભગ ૧૫ મિનિટ માટે આરામ કરવા દેવામાં આવે છે, જે લોટને મસાલાઓને સમાનરૂપે શોષવામાં મદદ કરે છે. થોડું સોયા તેલ લગાવીને ફરીથી મસળ્યા પછી, લોટને નાના ભાગોમાં વિભાજિત કરવામાં આવે છે અને આટા નો ઉપયોગ કરીને પાતળા ગોળાકાર આકારમાં વણવામાં આવે છે. દરેક રોટીને ગરમ તવા પર તેલના થોડા ટીપાંનો ઉપયોગ કરીને બંને બાજુએ સોનેરી બદામી થાય ત્યાં સુધી પકવવામાં આવે છે. આનું પરિણામ એક નરમ, સ્વાદિષ્ટ, અને હળવી કરકરી ( ફ્લેટબ્રેડ હોય છે જે દહીં, અથાણું અથવા ચટણી સાથે અદ્ભુત લાગે છે.હૃદયની સમસ્યાઓ ધરાવતા લોકો માટે, મસાલા રોટી સમાનરૂપે ફાયદાકારક છે.

---

નવસારી જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં ચીખલી ખાતે યોજાયેલ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં

# સોલધરા-ખેરગામ રોડ પરના ગેરકાયદે બાંધકામનો પ્રશ્ન માર્ગ મકાન વિભાગ દ્વારા મહેસૂલ વિભાગ પર ઢોળી ફરી ટલ્લે ચઢાવાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૨૫**

ચીખલી તાલુકા સેવા સદનમાં જિલ્લા કલેક્ટર શ્રીમતિ ક્ષિપ્રા આગ્રેની અધ્યક્ષતામાં પ્રાંત, મામલતદાર સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા ફરિયાદ નિવારણમાં થાલામાં નેશનલ હાઈવે પરના એચપી પંપ, સીએનજી અડધી ટાંકી ન ભરી આપવાના પશ્નમાં પરમ પેટ્રોલિયમના મેનેજર દ્વારા સીએનજી ઊંચા દબાણથી ભરવામાં આવતો હોવાથી સુરક્ષાના કારણોસર હાફ ફીલિંગ ટાળવામાં આવે છે. તેમ છતાં કોઈ ગ્રાહકની જરૂરિયાત અનુસાર હાફ ફીલિંગની માંગ હશે તો સીએનજી ભરી આપવામાં આવશે તેઓ જવાબ કરાયો હતો.


-તસવીરઃ દિપક સોલંકી

મજીગામના મનુભાઇ પટેલના બ્લોક નંબર ૧૮-બ વાળી જમીનની લાગુ ગામતળની જમીનમાં ગ્રામ પંચાયતના ઠરાવ વિના પાણી નિકાલના નાળા નાંખવા અંગેના પ્રશ્નમાં ગ્રામ પંચાયત દ્વારા નાળા નાંખવા બાબતની કોઈ અરજી મળેલ નથી તેમ જણાવાયું હતું. ઢોલુમ્બર ગામના જુના સરપંચ ફળીયામાં બોર હેન્ડપંપની જરૂરિયાતમાં ગ્રામ પંચાયત દ્વારા મેં-૨૦૨૬ સુધીમાં બોર કરી આપવાનું જ્યારે પાણી પુરવઠાના યાંત્રિક વિભાગ દ્વારા તૂટેલી પાઈપ લાઈન સ્થાનિક રહીશો, ગ્રામ પંચાયત દ્વારા મરામત કરવાની થતી હોવાનો જવાબ કરી જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા હતા.

પીપલગભણ ગામના મોહન છોટુભાઈ પટેલના કેસીસીના ધિરાણમાં વધુ વ્યાજ વસુલવાના પ્રશ્નમાં બીઓબી પીપલગભણના મેનેજર દ્વારા વધારે વ્યાજ કપાયું હતું. તે પરત જમા કરી દઈ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

સોલધરા ગામે ખેરગામ રોડ પર સોમનાથ રેસીડેન્સી અને પેટ્રોલ પંપના બાંધકામ અંગેના પ્રશ્નમાં માર્ગ મકાન દ્વારા સોમનાથ રેસીડેન્સીનું બાંધકામ માર્ચ-૨૦૨૪માં માર્જિનમાં કરેલ બાંધકામ દૂર કરવા માટે નોટિસ અપાઈ હતી. જે બાંધકામ આરોડબલ્યુની બહાર હોય તોડવાની સત્તા મહેસુલ વિભાગને છે પેટ્રોલ પંપના બાંધકામની મંજૂરી મહેસુલ વિભાગના ઠરાવ મુજબ આપવામાં આવેલ હોવાનું જણાવી ગોળ ગોળ જવાબ આપી પ્રશ્નને ટલ્લે ચડાવ્યો હતો.

નોગામાં ગામે વિજપોલ ખસેડવાના પ્રશ્નમાં અરબદાર દ્વારા ડીઆઈએસએસ યોજના હેઠળ ટીડીઆનું પ્રમાણપત્ર રજૂ કર કરવા અથવા એસ્ટીમેટ તૈયાર કરાવી તે રકમ ભરપાઈ કર્યા બાદ કાર્યવાહી કરવાની ટાંકલ ડીજીવીસીએલની કચેરી દ્વારા જણાવ્યું હતું.

સોલધરામાં ખેરગામ રોડ પર સોમનાથ રેસીડેન્સી અને પેટ્રોલ પંપના બાંધકામમાં માર્ગ મકાન દ્વારા સંપાદિત જમીનમાં અને માર્જિનમાં બાંધકામ કરેલું હોવાના અરજદારના પ્રશ્નમાં માર્ગ મકાન દ્વારા અપાયેલ જવાબમાં સંપાદિત જમીન અંગેનો કોઈ ખુલાસો કરાયો ન હતો. વધુમાં સીટી સર્વે કચેરી દ્વારા સોલધરાની ઉપરોક્ત જમીનની માપણી કરી માપણી શીટ માર્ગ મકાનને ડિસેમ્બર-૨૫માં જ આપી દેવામાં આવી હતી. ત્યારે જેના બે મહિના વીતવા છતાં માર્ગ મકાન દ્વારા સ્થળ પર હદ નિશાન કરાવી તેમના તાબાની જગ્યા ખુલ્લી કરાવાની તસ્દી લીધી નથી ત્યારે માર્ગ મકાનના અધિકારીઓને સરકારી જગ્યા ખાલી કરાવવામાં રસ જ નથી કે પછી કોઈ વહીવટી સુઝ નથી તેવા અનેક પ્રશ્નો ઉભા થવા પામ્યા છે.

ફરિયાદ નિવારણમાં કલેક્ટર દ્વારા આટલા લાંબા સમયથી આ પ્રશ્ન ચાલી આવેલ છે તો કેમ નિરાકરણ થતું નથી અને તાત્કાલિક નિરાકરણ કરવાની સૂચના આપી અધિકારીઓને ઉધડા લીધા હતા. ત્યારે હવે નિરાકરણ આવશે કે પછી શેઠની શિખામણ ઝાંપા સુધી તેવો ઘાટ સર્જાશે તે જોવું રહ્યું.

ચીખલી તાલુકા સેવાસદનમાં આજે બુધવારના રોજ રેશનકાર્ડની કામગીરીનો દિવસ હોય આજે અનેક અરજદારો પોતાનો કામ ધંધો બગાડી વહેલી સવારથી આવી લાઈનમાં ઉભા રહ્યા હતા.પરંતુ ફરિયાદ નિવારણમાં જિલ્લા કલેક્ટર આવેલ હોય આ અરજદારોને રવાના કરી દેવાયા હતા.જેને પગલે રોષ ફેલાયો હતો.ત્યારે કલેક્ટરની ઉપસ્થિતિમાં લોકોને હાલાકી પડી હતી અને લોકોને અધિકારી રાજની પ્રતીતિ થઈ હતી.

# પ્રોજેક્ટ્સ ટુડેએ એઆઈ સંચાલિત બિઝનેસ ઓપોર્ચ્યુનિટી પ્લેટફાર્મ રજૂ કર્યુ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૨૫**

પ્રોજેક્ટ્સ ટુડેએ ભારતની પ્રોજેક્ટ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે એઆઈ સંચાલિત બિઝનેસ ઓપોર્ચ્યુનિટી પ્લેટફોર્મ રજૂ કર્યું છે. આ નવી પોઝિશનિંગ પ્રોજેક્ટ લાઈફસાઈકલ સંદર્ભ, ટેન્ડર અને L1/ઓર્ડર અપડેટ્સ તથા સ્ટેકહોલ્ડર ઈન્ટેલિજન્સને એક જ સુગમ વર્કફ્લોમાં લાવે છે જેનાથી સંસ્થાનો યોગ્ય સમયે યોગ્ય પ્રોજેક્ટ્સમાં જોડાઈ શકે છે.

આ અપગ્રેડેડ પ્લેટફોર્મ વ્યવહારુ પરિણામો પર કેન્દ્રિત એક એઆઈ સક્ષમ ઉત્ક્રાંતિ રજૂ કરે છે, જેમાં ૭બ્સર્ચ, સબ-પ્રોજેક્ટ ટ્રેકિંગ, ટેન્ડર-ટુ-ઓર્ડર જર્ની વિઝિબિલિટી,બિડર અને ભાગીદારી અંગેની આંતરદૃષ્ટિ, ઓપોર્ચ્યુનિટી એસ્ટિમેશન ટૂલ્સ, વિશ્વસનીયતા અને એનાલિટિક્સ ડેશબોર્ડ્સ તથા હિસ્સેદારોના સંબંધોને વધુ સારી રીતે મેપિંગ કરવાનો સમાવેશ થાય છે. આ ક્ષમતાઓ યુઝરની જરૂરિયાતોના આધારે સંબંધિત તકોની ઝડપી

PROJECTS TODAY
Foresight. With insight.

શોધ કરવાને સક્ષમ બનાવે છે તથા સંસ્થાનોને સ્ટેજ, સ્કોલ અને સ્ટેકહોલ્ડર્સ અંગે સ્પષ્ટ સંદર્ભ સાથે 'શું થઈ રહ્યું છે' થી 'આપણે આગળ શું કરવું જોઈએ' તરફ આગળ વધવામાં મદદ કરે છે.

૨૫થી વધુ વર્ષોના સંશોધન-આગેવાની હેઠળના કવરેજ દ્વારા સમર્થિત, પ્રોજેક્ટ્સ ટુડે હાલમાં ગંભીર વિચારણા, આયોજન, ટેન્ડરિંગ અથવા અમલીકરણમાં રહેલા ૫૦,૦૦૦થી વધુ સક્રિય પ્રોજેક્ટ્સને ટ્રેક કરે છે. આ પ્લેટફોર્મ દર મહિને ૧,૫૦૦થી વધુ નવા પ્રોજેક્ટ્સ અને ૧૦,૦૦૦થી વધુ ટેન્ડરો સમાવે છે તથા ૧,૨૦૦થી વધુ માસિક L1/ઓર્ડરના અપડેટ્સ આપે છે. આ રીતે તે વિવિધ ક્ષેત્રો અને રાજ્યોમાં નિર્ણય લેવાની પ્રક્રિયાને ટેકો આપે છે.

મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રનું નિર્માણ કરનારાઓ અને તેને સક્ષમ બનાવનારાઓ જેમ કે પ્રમોટર્સ, કોન્ટ્રાક્ટરો, કન્સલ્ટન્ટ્સ, સપ્લાયર્સ, સર્વિસ પ્રોવાઈડર્સ અને ફાઈનાન્સર્સ વચ્ચે તકનો પ્રવાહ અવિરતપણે ચાલુ રહે તે સુનિશ્ચિત કરવાનો છે. પ્રોજેક્ટ્સ ટુડે નવી ટેક્નોલોજી અને મજબૂત ઈન્ટેલિજન્સ સાથે વિકસવાનું ચાલુ રાખશે તથા એક સિદ્ધાંત પર અડગ રહેશે.

# ચીખલીના ફડવેલમાં સોલાર પાવર પ્લાન્ટની તજવીજ સામે સ્થાનિકોએ લેખિત રજૂઆત કરી વાંધો ઉઠાવ્યો

## ગ્રામ પંચાયત દ્વારા જમીન માલિકને નોટિસ ફટકારી ખુલાસો માંગી પરવાનગીના કાગળો રજૂ કરવા જણાવાયું


-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૨૫**

ચીખલી તાલુકાના ફડવેલ ગામે ખાતા નંબર ૯૬૫ વાળી જમીનમાં સોલાર પાવર પ્લાન્ટ નાંખવાની તજવીજને પગલે ગ્રામજનોમાં વિરોધનો સૂર ઉઠતા તેઓ દ્વારા ગ્રામ પંચાયતમાં લેખિત વાંધો રજૂ કરવામાં આવ્યો છે. જેમાં જણાવ્યું છે કે ફેક્ટરી સ્થાપિત થવાથી ઝેરી ધુમાડા અને વાયુઓના કારણે હવા પ્રદૂષિત થશે અને શ્વાસ સંબધી રોગો વધશે, રાસાયણિક કચરો અને ગંદા પાણીથી ભૂગર્ભ જળ ખરાબ થશે, ખેતીની જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થશે, પર્યાવરણનું સંતુલન ખોરવાવા સાથે કુદરતી સંસાધનોને નુકસાન ઉપરાંત લોકાના સ્વાસ્થ્ય પર અસર થશે તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી છે.

વધુમાં ગ્રામજનો દ્વારા ગ્રામજનોની સંમતી વિના આવી કોઈ ફેક્ટરીને પરવાનગી ન આપવામાં અને તાત્કાલિક ગ્રામ સભા બોલાવવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

સ્થાનિકોની રજૂઆત બાદ ગ્રામ પંચાયત દ્વારા જમીન માલિક નોટિસ ફટકારી ગ્રામ પંચાયતની કોઈ પણ પ્રકારની પરવાનગી મેળવ્યા વિના સોલાર પાવર પ્લાન્ટની કામગીરી શરૂ કરવામાં આવેલ હોય જે અંગે ઉપલી કચેરીએથી પરવાનગી મેળવેલ હોય તો દિન સાતમાં લેખિત આધાર પૂરાવા સાથે રજૂ કરવા જણાવાયું છે.

# તમિલનાડુને ૫૫૮ મેગાવોટ વીજળી પૂરી પાડવા અદાણી પાવરને લેટર ઓફ એવોર્ડ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૨૫**

૧૫ ગીગાવોટની ઉત્પાદન ક્ષમતા ધરાવતી ભારતની સૌથી મોટી ખાનગી વીજ ઉત્પાદક કંપની અદાણી પાવરે આજે જણાવ્યું હતું કે, તેની પેટાકંપની મોક્સી પાવર જનરેશન લિ. (MPGL)ને તમિલનાડુ પાવર ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન તરફથી પાંચ વર્ષના સમયગાળા માટે ૫૫૮ મેગાવોટ (નેટ) વીજળી પુરી પાડવા માટે લેટર ઓફ એવોર્ડ પ્રાપ્ત થયો છે.



તમિલનાડુના તુતીકોરિનમાં મોક્સી પાવર ૧,૨૦૦ મેગાવોટ (2X 600 મેગાવોટ)ની ક્ષમતાના પાવર પ્લાન્ટ ચલાવે છે. ૧લી એપ્રિલ ૨૦૨૬થી પ્રતિ યુનિટ રૂ. ૫.૯૧૦ના દરથી વીજ પુરવઠો આપવાની શરૂઆત કરવા માટેની અદાણી પાવરે ઓફર કરીને તીવ્ર સ્પર્ધાત્મક બોલીમાં સૌથી ઓછી બોલી લગાવનાર તરીકે તે ઉભરી આવી હતી.

આમ હવે પ્લાન્ટના આ બંને એકમો વીજ પુરવઠા કરાર ધરાવવા સાથે અદાણી પાવરની કુલ સંચાલન ક્ષમતાના ૯૫%થી વધુ મધ્યમથી લાંબા ગાળાના કરારો વડે સુરક્ષિત અને લાંબા ગાળાની નોંધપાત્ર આવક સુનિશ્ચિત કરે છે. તદુપરાંત કંપનીને ટૂંકા ગાળાની બજાર અસ્થિરતાથી પણ બચાવે છે. આવનારા વર્ષોમાં તેના તમામ કાર્યરત અને ચાલુ પ્લાન્ટ્સ માટે ૧૦૦ ટકા પાવર પરચેઝ એગ્રીમેન્ટ કરવાનું કંપનીનું લક્ષ્ય છે. આ વીજ પુરવઠા સમજૂતી તમિલનાડુના ગ્રાહકોને વધારાની વિશ્વસનીય અને ઉચ્ચ-ગુણવત્તાવાળી ૫૫૮ મેગાવોટ વીજળી પૂરી પાડવા સાથ જરૂરી ગ્રીડ સ્થિરતામાં વધારો કરીને આવાસો, વ્યવસાયો અને ઔદ્યોગિક એકમોને અવિરત વીજળી પુરવઠાનું પીઠબળ આપીને ઉપભોક્તાને લાભ આપવાની કંપનીની અપેક્ષા છે. ગ્રાહકોને સ્પર્ધાત્મક દરે વીજળી ઉપલબ્ધ કરાવીને આગામી વર્ષોમાં વધુ સસ્તી અને વિશ્વસનીય ઊર્જાનો લાભ મળશે તેવી અપેક્ષા છે.

# રાજકોટથી સુરત જતી સ્લીપર બસમાં મહિલાની છેડતી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**રાજકોટ,તા.૨૫**

રાજકોટથી સુરત જતી સ્લીપર કોચ બસમાં એક પરપ્રાંતીય મહિલાની છેડતી કરવામાં આવી છે.મૂળ ઉત્તર પ્રદેશની અને હાલમાં રાજકોટમાં રહેતી આ મહિલા તેની નણંદના પુત્રના જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપવા માટે સુરત જઈ રહી હતી. તેનો પતિ તેને ગ્રીનલેન્ડ ચોકડીથી ખાનગી બસમાં બેસાડી ગયો હતો. બસ ચાલુ થયા પછી, ચોટીલા નજીક એક અજાણ્યો પુરુષ તેની સીટ પાસે બેઠો અને તેને હેરાન કરવાનું શરૂ કર્યું.

જ્યારે મહિલાએ આ વસ્તુનો પ્રતિકાર કર્યો, ત્યારે બસ ક્લીનર પણ ત્યાં પહોંચ્યો, અને બંને પુરુષોએ તેના પાસે અશ્લીલ માંગણીઓ કરી. તેની સલામતી માટે, મહિલા ડ્રાઈવરની કેબિનમાં ગઈ, પરંતુ પુરુષોએ તેને હેરાન કરવાનું ચાલુ રાખ્યું. આ મહિલાએ તેમની માંગણી ના સંતોષતા તે પુરૂષોએ જ્યારે બસ હાઈવે પર સ્પીડમાં જઈ રહી હતી ત્યારે તેને ચાલતી બસમાંથી ફેંકી દીધી હતી.મહિલા લીમડી હાઈવે પર ઘાયલ હાલતમાં મળી આવી હતી અને તેને તાત્કાલિક સારવાર માટે લઈ જવામાં આવી હતી. લીમડી પોલીસે આ મામલાની સંપૂર્ણ તપાસ શરૂ કરી છે અને બસ સ્ટાફ અને આરોપીઓને ઓળખવાનો પ્રયાસ કરી રહી છે.

પોલીસ ભરતી અને બઢતી પર મોટી જાહેરાત

# વિધાનસભામાં કાયદા મંત્રીએ રજૂ કર્યા આંકડા

## કાયદા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ વિધાનસભામાં ૧૧,૧૦૦ પોલીસ અધિકારીઓની બઢતી અને નવી ભરતીના આંકડા રજૂ કર્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૨૫**

ગુજરાત રાજ્યના સુરક્ષા તંત્રને વધુ સુદ્રઢ બનાવવા અને યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સરકાર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૬ માં ચાલી રહેલા વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યના કાયદા મંત્રી કૌશિક વેકરિયાએ જાહેરાત કરી હતી કે, સમગ્ર રાજ્યમાં હાલ ૧૦,૨૮૮ જેટલા પોલીસ અધિકારીઓ અને જવાનોની ભરતી પ્રક્રિયા પૂર્ણતાના આરે છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને વધુ અસરકારક બનાવવા માટે ખાલી જગ્યાઓ ભરવા અને પોલીસ બેડામાં નવા લોહીનો સંચાર કરવાના હેતુથી આ ભરતી અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

સરકારે માત્ર નવી ભરતી પર જ નહીં, પરંતુ ફરજ બજાવતા પોલીસ કર્મીઓના મનોબળને વધારવા માટે બઢતી પર પણ વિશેષ ધ્યાન આપ્યું છે. વિધાનસભામાં આંકડાકીય માહિતી આપતા મંત્રીએ જણાવ્યું કે, છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુલ ૧૧,૧૦૦ પોલીસ અધિકારીઓને ઉચ્ચ પદ પર બઢતી આપવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૨૪ માં ૬,૩૧૯ અને વર્ષ ૨૦૨૫ માં ૪,૭૮૧ અધિકારીઓનો સમાવેશ થાય છે. આ આંકડાઓ દર્શાવે છે કે



સરકાર પોલીસ વિભાગમાં કેરિયર ગ્રોથ માટે કેટલી ગંભીર છે.વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં કૌશિક વેકરિયાએ સ્પષ્ટ કર્યું હતું કે, જાન્યુઆરી ૨૦૨૬ માં જ વડોદરામાં ૧,૧૩૧ પોલીસ કોન્સ્ટેબલની સીધી ભરતી કરવામાં આવી છે.

આ નિમણૂકોથી શહેરની સુરક્ષા વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થશે. વધુમાં, વડોદરામાં પોલીસ ઘટ પૂરી કરવા માટે છેલ્લા બે વર્ષમાં ૩૮૯ હેડ કોન્સ્ટેબલને ASI તરીકે અને ૪૩૪ બિનહથિયારી કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

રાજ્યમાં બિનહથિયારી અને હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ભરતી અંગે પણ મંત્રીએ વિગતો આપી હતી. વર્ષ ૨૦૨૪ ૨૫ દરમિયાન ૪૭૫ બિનહથિયારી PSI ની સફળતાપૂર્વક ભરતી કરવામાં આવી હતી. હાલમાં, વર્ષ ૨૦૨૫ ૨૬ ના વર્ષ માટે અંદાજે ૬૫૯ બિનહથિયારી PSI અને ૧૨૯ હથિયારી PSI માટેની સીધી ભરતીની પ્રક્રિયા કાર્યરત છે. આ પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ વડોદરા સહિત રાજ્યના અન્ય શહેરોમાં પોલીસ અધિકારીઓની જે પણ અછત છે તે દૂર કરવામાં આવશે.

મંત્રીશ્રીએ ગૃહમાં ખાતરી આપી હતી કે રાજ્યની પોલીસ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક અને ટેકનોલોજી આધારિત છે. આ ભરતીઓ દ્વારા ગુજરાત પોલીસના આધુનિકીકરણમાં પણ મદદ મળશે. ૧૦,૨૮૮ ની નવી ભરતીમાં વિવિધ કેડરના જવાનોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેઓ આગામી સમયમાં ગુજરાતના ખૂણે ખૂણે શાંતિ અને સુરક્ષા જાળવવામાં મદદરૂપ થશે.

### ''હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'' અભિયાન

# સર્જનથી સમૃધ્ધિ સુધી આત્મનિર્ભર સખીની થીમ સાથે વલસાડ પાલિકા દ્વારા સ્વદેશી મેળાનો પ્રારંભ





## વધુમાં વધુ સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદીશું તો વડાપ્રધાનનું ''હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'' અભિયાન સાકાર થશેઃ પાલિકા પ્રમુખ માલતીબેન ટંડેલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૫**

વલસાડ નગરપાલિકા દ્વારા સ્થાનિક કારીગરો, સખી મંડળની બહેનો, લોકલ ઉત્પાદકો, કળા સર્જકો, નાના ઉદ્યોગો વગેરેને પ્રોત્સાહન મળે તે હેતુથી સીબી હાઈસ્કૂલના મેદાન પર તા.૨૪/૦૨/૨૦૨૬ થી તા.૦૨/૦૩/૨૦૨૬ સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટીવલ)નું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે વલસાડ નગરપાલિકાના પ્રમુખશ્રી માલતીબેન ટંડેલ, ઉપપ્રમુખશ્રી આશુતોષ મિશ્રા, કારોબારી સમિતિના ચેરમેનશ્રી આશિષભાઈ દેસાઈ, વલસાડ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી યશપાલસિંહ વાઘેલા તેમજ વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ, નગરપાલિકાના સભ્યશ્રીઓ અને નગરપાલિકાના અધિકારીગણ, કર્મચારીગણ, નાગરિકો તેમજ સ્વ સહાય જૂથોની બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સર્જન થી સમૃધ્ધિ સુધી આત્મનિર્ભર સખી અને વોકલ ફોર લોકલની થીમ સાથે સ્વદેશી ઉત્પાદનો તથા કુશળ કારીગરોને પ્રોત્સાહન આપવા માટે તેમજ સ્થાનિક ઉદ્યોગોની સમૃધ્ધિ વધારવાના ઉમદા આશય સાથે સ્વદેશી મેળાના મંચ પરથી પ્રમુખશ્રીએ આ કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. તમામ મહાનુભાવોએ સ્ટોલની મુલાકાત લઈ બહેનોને પ્રોત્સાહિત કરી સ્વદેશી ઉત્પાદનોને વેગ આપવા જણાવ્યું હતું. પાલિકા પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલે લોકોને અપીલ કરતા જણાવ્યું કે, આપણે વધુમાં વધુ સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદતા થશું તો વડાપ્રધાનશ્રીનું ''હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'' અભિયાન સાકાર કરી શકીશું અને સ્થાનિક ઉત્પાદનકર્તાઓને રોજગારી આપી આત્મનિર્ભર બનાવવામાં યોગદાન આપી શકીશું.

# માન નદી ઉપરના કરંજવેરી બ્રિજ ઉપરથી ફક્ત હળવા વાહનોને અવરજવર માટે મુક્તિ આપતું જાહેરનામું બહાર પડાયું

## જાહેર જનતા તેમજ વિદ્યાર્થીઓને અવર-જવરમાં અગવડ પડે નહિ તેવા આશયથી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા હુકમ કરાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૫**

પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, એકતાનગર, રાજપીપળાની તા.૧૨/૭/૨૦૨૫ની દરખાસ્ત અન્વયે સંદર્ભ-(૧)ના અત્રેના જાહેરનામાથી તાન નદી, માન નદી, કોલક નદી, તથા રાતા ખાડી ઉપર આવેલા બ્રીજનો વાહન વ્યવહાર નિયંત્રિત કરી ડાયવર્ઝન આપવા હુકમ કરવામાં આવ્યો છે. ઉપરોક્ત જાહેરનામા મુજબ તાન નદી ઉપરના બ્રિજ ઉપરથી તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. જ્યારે માન નદી, કોલક નદી તથા રાતા ખાડી ઉપર આવેલા બ્રિજ ઉપરથી ભારે વાહનોની અવર-જવર ઉપર માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. ઉપરોક્ત જાહેરનામામાં તા.૨૪/૦૭/૨૦૨૫ના સંદર્ભ-(૨)ના સુધારા હુકમથી ઈમરજન્સી સેવામાં આવતી ૧૦૮ એમ્બ્યુલન્સ તથા અન્ય ખાનગી/સરકારી એમ્બ્યુલન્સને અવર-જવર માટે માન નદી તથા કોલક નદી તથા રાતા ખાડી ઉપર આવેલા બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુક્તા જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવી છે. જ્યારે તા. ૦૨/૦૧/૨૦૨૬ના સંદર્ભ-(૩) થી નાનાપોંઢા નજીકના કોલક નદી બ્રિજ ઉપરથી ફક્ત હળવા વાહનોને અવર-જવર માટે છૂટ-છાટ આપવા સુધારા હુકમ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત જાહેરનામા અન્વયે નેશનલ હાઈવે-૫૬ માન નદી ઉપર કરંજવેરી ગામ પાસે આવેલો બ્રિજ વાંસદા અને ધરમપુરને જોડતો મહત્વનો બ્રિજ હોય અને ધરમપુર તાલુકા મથકે આવતા વિદ્યાર્થીઓ તેમજ આજુબાજુના વિસ્તારના ગામોના લોકોને અવર-જવર માટે મુશ્કેલી પડતી હોય સદરહું માન નદી ઉપરના કરંજવેરી બ્રિજને વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવા સ્થાનિકો તરફથી રજૂઆત મળતા આ અંગે પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી નેશનલ હાઈવે-૫૬નો સ્થળ તપાસ અહેવાલ મેળવતા તેઓએ તા.૧૯/૦૨/૨૦૨૬ના સંદર્ભ-(૪)ના પત્રથી અત્રે અહેવાલ રજૂ કરેલ છે. રજૂ થયેલા અહેવાલમાં તેઓએ કરંજવેરી ગામ પાસે માન નદી ઉપર આવેલ બ્રિજ ઉપરથી ફક્ત હળવા વાહનો જેવા કે ટુ-વ્હિલર, પેસેન્જર કાર, LMVs, ૨ એક્ષેલ ધરાવતી ફોર-વ્હિલર મીની બસ અને ૨ એક્ષેલ ધરાવતા ફોર-વ્હિલર હળવા કોમર્શીયલ વાહનો (તમામ વાહનો વધુમાં વધુ ૮ ટન સુધીનું કુલ વજન ધરાવતા) ને ૩૦ કિ.મી./કલાકની ગતિથી પસાર થાય તો સલામતીની દ્દષ્ટિએ કોઈ વાંધાજનક બાબત જણાતી નથી. તેમજ નવો બ્રિજ બને ત્યાં સુધી ઉપરોક્ત જણાવેલ વાહનોને અવર-જવર માટે છુટછાટ આપી શકાય તેમ હોવાનું જણાવ્યું છે.

ઉપરોકત હકીકત તથા સ્થાનિક રજૂઆત ધ્યાને લેતાં આમ જનતા તેમજ વિદ્યાર્થીઓને અવર-જવરમાં અગવડ પડે નહિ તેવા આશયથી માન નદી ઉપરના કરંજવેરી બ્રિજ ઉપરથી ફક્ત હળવા વાહનો જેવા કે ટુ-વ્હિલર, પેસેન્જર કાર, LMVs, ૨ એક્ષેલ ધરાવતી ફોર-વ્હિલર મીની બસ અને ૨ એક્ષેલ ધરાવતા ફોર-વ્હિલર હળવા કોમર્શીયલ વાહનો (તમામ વાહનો વધુમાં વધુ ૮ ટન સુધીનું કુલ વજન ધરાવતા)ને ૩૦ કિ.મી./કલાકની ગતિથી અવર-જવર માટે જાહેરનામામાંથી મુક્તિ આપવી જરૂરી જણાતા શ્રી ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)થી મળેલી સત્તાની રૂએ, માન નદી ઉપરના કરંજવેરી બ્રિજ ઉપરથી ફક્ત હળવા વાહનો જેવા કે ટુ-વ્હિલર, પેસેન્જર કાર, LMVs, ૨ એક્ષેલ ધરાવતી ફોર-વ્હિલર મીની બસ અને ૨ એક્ષેલ ધરાવતા ફોર-વ્હિલર હળવા કોમર્શીયલ વાહનો (તમામ વાહનો વધુમાં વધુ ૮ ટન સુધીનું કુલ વજન ધરાવતા)ને ૩૦ કિ.મી./કલાકની ગતિથી અવર-જવર માટે છુટ-છાટ આપવા હુકમ કર્યો છે. સંદર્ભ-(૧) થી (૩) ના જાહેરનામાની અન્ય બાબતો યથાવત રહેશે. તેમજ બ્રિજના બન્ને છેડે આવેલા બેરીઅર ખસેડવા અથવા તો ઉંચાઈ વધારવાની તેમજ બ્રિજના બન્ને છેડે જાહેરનામાની સૂચના મુજબના સાઈનબોર્ડ લગાવવાની કામગીરી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા, એકતાનગર રાજપીપળાએ કરાવવાની રહેશે.

# વલસાડ એસ.ટી ડેપોમાં મુસાફર જનતાને બસ સ્ટેન્ડમાં સ્વચ્છતા જાળવવા અપીલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૫**

વલસાડ એસ.ટી તંત્ર દ્વારા ગુજરાત સરકારના ''સ્વચ્છતા હી સેવા'' અભિયાન અંતર્ગત બસ સ્ટેશન અને બસની અંદર મુસાફરો દ્વારા ગંદકી ન કરવા અને એસ.ટી વિભાગને સહકાર આપવા માટે અપીલ કરવામાં આવી છે. તેમ છતાંય ઘણા મુસાફરો અને લોકો દ્વારા બસ સ્ટેશન અને બસની અંદર ગંદકી કરવામાં આવે છે. આવા મુસાફરો અને ગંદકી કરનારા સામે એસટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.

વલસાડ એસ.ટી ડેપોના મેનેજરશ્રીના જણાવ્યાં અનુસાર, દેશના વડાપ્રધાનશ્રી દ્વારા સ્વચ્છતા ઝૂંબેશ ચલાવવામાં આવે

**વલસાડ એસ.ટી તંત્ર દ્વારા એસ.ટી પરિસરમાં ગંદકી કરનાર સામે કાર્યવાહી કરાશે**

છે ત્યારે આપણે પણ સૌ લોકો સ્વચ્છતા ઝૂંબેશમાં જોડાઈએ અને ગંદકી ના કરીએ. તેઓ મુસાફર જનતાને અપીલ કરતાં જણાવે છે કે, બસ સ્ટેન્ડના પરિસરમાં કચરો ન નાખવા તેમજ કચરાપેટીનો ઉપયોગ કરવા માટે પોસ્ટરો પણ બસ સ્ટેન્ડ ઉપર લગાવવામાં આવ્યા છે. ત્યારે કચરો કચરાં પેટીમાં જ નાખવાનો આગ્રહ રાખીએ, તેમજ બસની અંદર પણ કચરા પેટી મૂકવામાં આવી છે ત્યારે તેનો ઉપયોગ કરીએ અને બસમાં તેમજ બસ સ્ટેન્ડના પરિસરમાં જ્યાં ત્યાં કચરો ન ફેંકવા અને હંમેશા કચરો કચરા પેટીમાં જ ઉપયોગ કરીએ.

વધુમાં જો મુસાફરો દ્વારા ગમે ત્યાં કચરો ફેંકવામાં આવશે તો તેના ઉપર કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી તાકીદ ડેપો મેનેજર દ્વારા કરવામાં આવી છે.

# શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ ખાતે ત્રિદિવસીય નેશનલ વર્કશોપ યોજાયો







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૫**

શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ ખાતે તા.૪ થી ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ''નેશનલ હેન્ડ્સ-ઓન વર્કશોપ ઑન મોલેક્યુલર ટેકનિક્સ ફોર ઈનોવેશન, લર્નિંગ એન્ડ એક્સપ્લોરેશન'' વિષય પર ત્રિ-દિવસીય રાષ્ટ્રીય સ્તરની વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશજીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન હેઠળ ધરમપુરમાં કાર્યરત શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ આજે માત્ર એક શિક્ષણ કેન્દ્ર તરીકે નહીં, પરંતુ દક્ષિણ ગુજરાતના ઉભરતા રિસર્ચ અને પ્રયોગાત્મક શિક્ષણના હબ તરીકે પ્રગતિ પામી રહી છે. તેનું કારણ છે, આજના વૈજ્ઞાનિક અને ટેકનોલોજીપ્રધાન યુગમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ, પ્રયોગાત્મક ચોક્સાઈ, ડેટા વિશ્લેષણ ક્ષમતા તથા નવીનતાપ્રેરિત વિચારશક્તિનો વિકાસ થાય તે અર્થે તેઓ દ્વારા અવારનવાર યોજાતા ઉચ્ચ સ્તરના પ્રયોગાત્મક વર્કશોપ, સેમિનારો વગેરે. પ્રસ્તુત વર્કશોપ એ જ દ્રષ્ટિનો એક મહત્વપૂર્ણ પ્રયાસ હતો.

પ્રસ્તુત વર્કશોપમાં ધરમપુર, વાપી, વલસાડ, નવસારી, સુરત, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, મુંબઈ, સિલવાસા તથા જૂનાગઢ સહિતના વિસ્તારોમાંથી ૧૬ કોલેજોના ૮૦ થી વધુ સ્નાતક, અનુસ્નાતક અને રિસર્ચ સ્કોલર તેમજ અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વર્કશોપમાં વિદ્યાર્થીઓને DNA એક્સ્ટ્રેક્શન, PCR, RFLP, લાઈગેશન, સિક્વેન્સિંગ ડેટા એનાલિસિસ તથા CRISPR જેવી આધુનિક મોલેક્યુલર બાયોલોજી ટેકનિક્સ અંગે પ્રાયોગિક લેબોરેટરી તાલીમ આપવામાં આવી હતી.

વર્કશોપ દરમિયાન રાષ્ટ્રીય સ્તરના ખ્યાતનામ નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ પાર્ટિસિપન્ટ્સમાં પ્રયોગાત્મક સમજ અને સંશોધનક્ષમતા વિકસાવવાની ઉત્તમ તક પ્રાપ્ત થઈ હતી. તેમાં (૧) ડૉ. રામાકૃષ્ણન સીતારમન - પ્રોફેસર અને ડીન (એકેડેમિક), ટેરી સ્કુલ ઓફ એડવાન્સ્ડ સ્ટડીસ, નવી દિલ્હી, (૨) ડૉ. સન્માન સમોવા - સાયન્ટિસ્ટ-B, ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર (GBRC), ગાંધીનગર, (૩) ડૉ. ભાર્ગવ પટેલ - એસોસિએટ પ્રોફેસર અને હેડ, સેન્ટર ઑફ એક્સેલન્સ ઈન DNA ફોરેન્સિક્સ, NFSU (National Forensic Sciences University), ગાંધીનગર., (૪) ડૉ. ગૌરવ શાહ - પ્રોફેસર અને હેડ, ડિપાર્ટમેન્ટ ઑફ બાયોટેક્નોલોજી, VNSGU (Veer Narmad South Gujarat University), સુરત. (૫) ડૉ. જ્યોતીર્મોઇ એચ - DGM (R&D) અને પ્રી-ક્લિનિકલ હેડ, માઈક્રો ક્રિસ્પર, વાપી.

પાર્ટિસિપન્ટ્સે વર્કશોપ દરમિયાન ઉપલબ્ધ આધુનિક ઈન્સ્ટ્રુમેન્ટેશન સુવિધાઓ, નિષ્ણાત માર્ગદર્શન અને પ્રયોગાત્મક અભ્યાસ આધારિત તાલીમ અંગે સંતોષ વ્યક્ત કર્યો. સાથે જ, નવી શિક્ષણ નીતિ (NEP) અનુસાર આવા વધુ રાષ્ટ્રીય સ્તરના હેન્ડ્સ-ઓન વર્કશોપ્સનું આયોજન કરવામાં આવે તેવી ભાવના વ્યક્ત કરી.

ડૉ. રામાકૃષ્ણન સીતારમને જણાવ્યું હતું કે, ''શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠમાં યોજાયેલ આ વર્કશોપ સંશોધન અને પ્રયોગાત્મક શિક્ષણના દ્દષ્ટિકોણથી એક સમૃદ્ધ અનુભવ રહ્યો. પ્રાયોગિક અભિગમ, સચોટ લેબોરેટરી પ્રોટોકોલ, રિયલ-ટાઈમ ટ્રબલશૂટિંગ અને વૈજ્ઞાનિક ચર્ચાઓએ વિદ્યાર્થીઓમાં વિશ્લેષણાત્મક ક્ષમતા તથા પ્રયોગાત્મક આત્મવિશ્વાસ વિકસાવ્યો. આયોજન કરનાર ફેકલ્ટી ટીમની શૈક્ષણિક નિષ્ઠા, ટેકનિકલ કુશળતા અને સુવ્યવસ્થિત સંકલન આ કાર્યશાળાની સફળતામાં મહત્વપૂર્ણ રહ્યા.''

આર્ચી પટેલ (રિસર્ચ સ્કોલર, ગાંધીનગર યુનિવર્સિટી)એ જણાવ્યું હતું કે, ''આ નેશનલ હેન્ડ્સ-ઓન વર્કશોપ દ્વારા નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ મોલેક્યુલર બાયોલોજીની આધુનિક ટેકનિક્સ અંગે પ્રાયોગિક તાલીમ મેળવવાની અનોખી તક મળી, જેનાથી વિષય પ્રત્યે વધુ સ્પષ્ટતા અને આત્મવિશ્વાસ વિકસ્યો. અહીંની આધુનિક લેબોરેટરી અને ફેકલ્ટીના માર્ગદર્શનને કારણે શીખવાની પ્રક્રિયા વધુ અસરકારક અને સુગમ બની. આ વર્કશોપે મારા સંશોધન અભિગમને નવી દિશા આપી છે અને ભવિષ્યમાં વૈજ્ઞાનિક ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરણા આપી છે.''

અક્ષિતા દાસ (અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થી, એસ.એસ.આર. કોલેજ ઓફ આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ, સિલવાસા) એ જણાવ્યું હતું કે, ''આ વર્કશોપ દ્વારા મને સમજાયું કે મોલેક્યુલર બાયોલોજી માત્ર પ્રયોગોની શ્રેણી નથી, પરંતુ વિચારવાની એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. પ્રાયોગિક સત્રોએ મને પ્રશ્ન પૂછવા, પરિણામોનું મૂલ્યાંકન કરવા અને નવી દ્દષ્ટિએ વિચારવા પ્રેરણા આપી. આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓમાં સંશોધન પ્રત્યેનો આત્મવિશ્વાસ અને જિજ્ઞાસા વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. હું માનું છું કે, આ અનુભવ મારા શૈક્ષણિક વિકાસમાં લાંબા ગાળે ઉપયોગી રહેશે.''

આમ શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠે ગ્રામીણ વિદ્યાર્થીઓને લેબોરેટરીની સીમાઓથી આગળ વિચારી સ્થાનિક સમસ્યાઓના વૈજ્ઞાનિક ઉકેલો શોધવા અને વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવા માટે એક સશક્ત માળખું પ્રદાન કર્યું છે.

# મોટાપોંઢાની શાહ જી.એમ.ડી. સાર્વજનિક હાઈસ્કૂલમાં માતૃભાષા મહોત્સવની ઉજવણી કરાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૫**

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તથા શાહ જી.એમ.ડી. સાર્વજનિક હાઈસ્કૂલ, મોટાપોંઢાના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માતૃભાષામાં શિક્ષણનું કેટલું મહત્વ છે એના મહિમા વધારતી વાતો થઈ હતી.

શાળાના આચાર્યશ્રી મહાદેવભાઈ પટેલે વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા અંગે પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય વક્તા તરીકે ડૉ. કવિત પંડ્યાએ (એસ.એન.ડી.ટી કૉલેજ, મુંબઈ) ''માતૃભાષા થકી શિક્ષણ'' વિષય પર જણાવ્યું કે, માતૃભાષા જો સારી રીતે તમે બાળપણમાં શીખી લો તો અન્ય ભાષા ઘણા વર્ષો પછી સરળ રીતે શીખી શકાય છે. જે વાત તેમણે વિવિધ ઉદાહરણો આપી સાબિત કરી હતી.

ડૉ.રામચંદ્ર જોશી (ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ સરકારી કૉલેજ, સેલવાસ)એ માનવ જીવનમાં માતૃભાષાનું મહત્વ પોતાની અનોખી નાટ્યશૈલીમાં વ્યક્ત કર્યું હતું. માતૃભાષા બાળકમાં જિજ્ઞાસાવૃત્તિ કેળવે છે. એ વૃત્તિ જ વ્યક્તિને ઉચ્ચ કક્ષાએ લઈ જાય છે. આ માતૃભાષા જીવનમાં ઉચ્ચ ગુણ વિકસાવે છે એ સમજાવ્યું હતું. મોટાપોંઢા કૉલેજના પ્રો. ડૉ.આશા ગોહિલે માતૃભાષાનું મહત્વ ઉત્તમ ઉદાહરણો સાથે બાળકોને સમજાવ્યું હતું. કાર્યક્રમના સંયોજકશ્રી રાજેશ પટેલ અને તરુણાબેન પટેલે સમગ્ર સ્ટાફ પરિવાર તથા આચાર્યશ્રીની કામગીરીને બિરદાવી હતી. આ કાર્યક્રમમાં નાનાપોંઢા શાળાના આચાર્યશ્રી વિનોદભાઈ રાઉત, અંભેટી વિનય મંદિર શાળાના આચાર્ય નિતેશભાઇ ચૌધરી તથા જનતા કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી વૈચંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમના આયોજન અંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાએ ઓડિયો મેસેજ દ્વારા શુભેચ્છા સંદેશથી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના બાળકો પાસે ગુજરાત ગૌરવગાન અને પ્રતિજ્ઞાપત્રની રજૂઆતમાં શાળાના શિક્ષકોની મહેનત જોવા મળી હતી. ઉપસ્થિત તમામે ગુજરાતીમાં તેમના હસ્તાક્ષર કરી માતૃભાષા પ્રતિ પોતાની અનન્ય લાગણી વ્યક્ત કરી હતી.

# વલસાડ જિલ્લામાં હોળી અને રમજાનને પગલે તા. ૦૮ માર્ચ સુધી પ્રતિબંધાત્મક હુકમો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૫**

આગામી સમયમાં રમઝાન માસ તેમજ હોળી-ધૂળેટીના તહેવારની ઉજવણી થનાર હોય વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જળવાઈ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એમ.ડી.ચુડાસમાએ ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧)ની કલમ-૩૭ (૧) થી મળેલી સત્તાની રૂએ તા.૦૮ માર્ચ ૨૦૨૬ સુધી વિવિધ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામા અનુસાર શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની, સ્ફોટક પદાર્થ લઈ જવાની, કોઈપણ સરઘસમાં સળગતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની, વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ હુકમ સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય કે પોલીસ અધિક્ષક વલસાડ અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યક્તિ અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિ અને સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી પોલીસ સબ ઈન્સ્પેકટર કક્ષાના તમામ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

# વાપીના ડુંગરા કોલોનીથી ૪૧ વર્ષીય મુન્ના યાદવ ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૫**



વાપીના ડુંગરા કોલોનીમાં સીતારામ હનુમાન મંદિરની બાજુમાં સનોજ ચૌહાણના ઘરમાં રહેતા પંચમ પરશુ કનોજીયા (મૂળ રહે. ગામ-સકોઈ, પોસ્ટ-રાજેપુર, જિ.જોનપુર, (ઉત્તરપ્રદેશ)નો ૪૧ વર્ષીય પુત્ર મુન્ના કનોજીયા તા. ૧૬/૦૨/૨૦૨૫ના રોજ સવારે ૧૦ કલાકે ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક ગુમ થઈ ગયો હતો. જેની શોધખોળ કરવા છતાં આજદિન સુધી મળી આવ્યો ન હતો. જે હિન્દી તથા ભોજપુરી ભાષા જાણે છે. શરીરે મધ્યમ બાંધો, શ્યામવર્ણ અને પાંચ ફૂટ આઠ ઈંચ ઉંચાઈ ધરાવે છે. શરીરે બ્લેક કલરની ટીશર્ટ અને વાદળી કલરનું જિન્સ પેન્ટ પહેર્યું હતું. જે કોઈને પણ તેમની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# વાપીના ડુંગરા હરિયા પાર્કથી ૩૨ વર્ષીય જિતેન્દ્ર યાદવ ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**વલસાડ, તા.૨૫:** વાપીના ડુંગરા હરિયા પાર્ક ખાતે શાંતિ એન્કલેવ બિલ્ડિંગના ફલેટ નં. એ/૭૦૭માં રહેતા ૩૨ વર્ષીય જિતેન્દ્ર સુરેશચંદ્ર યાદવ (મૂળ રહે. ગામ-થુરટ, પોસ્ટ- જેતપુર, થાના-અજનાર, તા. કુલપહાડ, જિ.મહુબા, (ઉત્તરપ્રદેશ) તા. ૧૭/૦૨/૨૦૨૬ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે ઘરેથી મરોલી ખાતે રહેતા મામાના દીકરા સચીન પાસે જવાનું કહી નીકળ્યો હતો. જે આજદિન સુધી પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ આદરી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી પરિવારજનોએ ડુંગરા પોલીસ સ્ટેશને ગુમ થયાની જાણ કરી હતી. ગુમ થનાર જિતેન્દ્ર યાદવ હિન્દી ભાષા જાણે છે. શરીરે મધ્યમ બાંધો, શ્યામ વર્ણ અને પાંચ ફૂટ આઠ ઈંચ ઉંચાઈ ધરાવે છે. ઘરેથી નીકળતી વેળા કાળા કલરનું શર્ટ અને વાદળી કલરનું પેન્ટ પહેર્યું હતું. જે કોઈને પણ તેમની ભાળ મળે તો ડુંગરા પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# રાજ્યસભાની ૩૭ બેઠકો માટેની આ ચૂંટણી મહારાષ્ટ્રમાં પ્રતિષ્ઠાની બની રહેવાની શક્યતા

**રા**જ્યસભાની કુલ ૩૭ બેઠકની ચૂંટણી માટે ચૂંટણીપંચે ૧૬મી માર્ચનો દિવસ નક્કી કર્યો છે. આ ૩૭માંથી સૌથી વધુ એટલે કે સાત બેઠક મહારાષ્ટ્રની છે. આંકડાવારી જોતાં મહારાષ્ટ્રની સત્તારૂઢ મહાયુતિનો હાથ ઉપર છે, તો મહાવિકાસ આઘાડી પાસે સંખ્યાબળ ઓછું અને ઈચ્છુકો વધારે છે. મુખ્ય તો રાષ્ટ્રવાદી કોંગ્રેસના (શરદ પવાર જૂથ) શરદ પવારનો રાજ્યસભા કાર્યકાળ પૂરો થાય છે અને શિવસેના (ઉબાઠા) પવારની તરફેણમાં છે, તો કોંગ્રેસમાં અંદરોઅંદર સિનિયર પવારની ઉમેદવારી વિશે મતાંતર છે. જો કે, અઠંગ રાજકારણી શરદ પવારે આ બાબતે કશું જ કહ્યું નથી, આથી રાજ્યસભાની આ ચૂંટણી મહારાષ્ટ્રમાં પ્રતિષ્ઠાની બની રહેવાની શક્યતા છે. એમ તો બીજી એપ્રિલે મહારાષ્ટ્રના સાત રાજ્યસભા સભ્યનો કાર્યકાળ પૂરો થાય છે, આથી આ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરાયો છે. આ સાત સભ્યમાં શરદ પવાર (એનસીપી-એસપી), ફૌજિયા ખાન (એનસીપી-એસપી), પ્રિયંકા ચતુર્વેદી (શિવસેના-ઉબાઠા), રજની પાટિલ (કોંગ્રેસ), ભાજપના ધૈર્યશીલ પાટિલ, ભાગવત કરાડ તથા આરપીઆઈના રામદાસ આઠવલેનો સમાવેશ થાય છે. વિધાનસભામાં મહાયુતિની બેઠકોની સંખ્યા ૨૨૮ છે, આથી સાતમાંથી છ રાજ્યસભા બેઠક પર જીત મેળવવી મહાયુતિ માટે સહજ હશે. મહાવિકાસ આઘાડીની એકતાની કસોટી આ ચૂંટણી નિમિત્તે થશે, કેમ કે ત્રણ પક્ષ અને તેમની વચ્ચે એક બેઠક છે. શિવસેના (ઉબાઠા)ના પ્રવક્તા સંજય રાઉતે તો આઘાડીના ઉમેદવાર તરીકે શરદ પવારના નામનો ઉલ્લેખ કર્યો હતો. ૮૫ વર્ષના શરદ પવારે રાજ્યસભામાં જવા વિશે કોઈ સંકેત આપ્યો નથી, તો કોંગ્રેસમાં એવી આંતરિક ચર્ચા છે કે શરદ પવાર અને ભાજપ વચ્ચે નિકટતા સર્જાઈ છે, એ જોતાં તેમને ઉમેદવારી આપવી નહીં. જો કે, કશું જ નક્કર કે નક્કી નથી, કેમ કે સ્થાનિક નેતાઓ કંઈ પણ કહે, આવા નિર્ણયો હાઈ કમાન્ડ દ્વારા લેવાતા હોય છે. ધારો કે, પવાર ઉમેદવારી નકારી કાઢે છે, તો પ્રિયંકા ચતુર્વેદીના નામ પર કોંગ્રેસ સહમત થશે કે કેમ એ પણ એક પ્રશ્ન છે. ભાજપ તરફથી રાજ્યસભા માટે વિનોદ તાવડે, વિનય સહસ્ત્રબુદ્ધે, સુનીલ દેવધર જેવાં નામ ચર્ચાઈ રહ્યાં છે, તો રામદાસ આઠવલેને ભાજપના ક્વોટામાંથી મોકલવામાં આવી શકે છે, તો શિવસેના તરફથી ભૂતપૂર્વ સાંસદ રાહુલ શેવાળેનું નામ ચર્ચામાં છે. અજિત પવારના જૂથ વતી પાર્થ પવારનું નામ આગળ કરાશે. આમ, મહાયુતિમાં તો આ બાબતે કોઈ વિવાદ કે સંઘર્ષની શક્યતા ઓછી છે. કોંગ્રેસનો હાલમાં જ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને જિલ્લા પરિષદની ચૂંટણીઓમાં દેખાવ જોતાં રાજ્યસભામાં કોંગ્રેસના ઉમેદવારને તક મળવી જોઈએ એવો અવાજ બૂલંદ થઈ રહ્યો છે.

## રશિયાનો વિસ્ફોટક દાવો

# બે દેશો છાનામાના યુક્રેનને પરમાણુ હથિયાર આપવાની તૈયારીમાં

### ૨૦૧૪માં ક્રીમિયાને જોડી દીધા પછી યુક્રેનના લગભગ વીસ ટકા વિસ્તાર પર કબજો જમાવવા છતાં ફેબ્રુઆરી ૨૦૨૨ પછી રશિયાની આગેકૂચ ધીમી પડી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મોસ્કો, તા.૨૫:** રશિયાની ઈન્ટેલિજન્સ એજન્સીએ મંગળવારે વિસ્ફોટક દાવો કર્યો હતો કે યુકે અને ફ્રાન્સ યુક્રેનને પરમાણુ શસ્ત્રો ગુપ્ત રાહે ટ્રાન્સફર કરવાની કવાયત આદરી છે. રશિયા-યુક્રેનના યુદ્ધને ચાર વર્ષ પૂરા થયા છે ત્યારે રશિયન ફોરીન ઈન્ટેલિજન્સ સર્વિસના રિપોર્ટમાં ઉપરોક્ત દાવો કરવામાં આવ્યો છે. જો કે એજન્સીએ તેના દાવાના સમર્થનમાં કોઈપણ પ્રકારના પુરાવા આપ્યા નથી. રશિયન એજન્સીએ જણાવ્યું છે કે બ્રિટન અને ફ્રાન્સને ખબર છે કે જો તેઓ આવું કંઈપણ સીધી રીતે કરે તો સીધો આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ થાય છે. લગભગ બધી જ અણુઅપ્રસાર સંધિનો અંત આવી જાય છે. તેથી જ તેઓએ ગુપ્ત રાહે પ્રયત્નો આદર્યા છે. અહીં તેઓ એવું બતાવવાનો પ્રયત્ન કરશે કે યુક્રેને પોતે જ પરમાણુ શસ્ત્રો વિકસાવ્યા છે, એમ રિપોર્ટે જણાવ્યું હતું.આ અહેવાલનો પ્રતિસાદ પાડતા ક્રેમલિનના પ્રવક્તા દમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે યુદ્ધનો અંત લાવવાની મોસ્કોની શરતોમાં એક નોન-ન્યુક્લિયર યુક્રેન પણ છે. પેરિસ અને લંડન કીવને પરમાણુ શસ્ત્રોથી સજ્જ કરવા માંગે છે તે વાત અત્યંત મહત્ત્વની છે. રશિયાએ જણાવ્યું હતું કે મંત્રણાના આગામી તબક્કામાં અમે આ વાત ધ્યાન પર લઈશું.

અમેરિકન મધ્યસ્થીવાળી બંને દેશ વચ્ચેની આગામી મંત્રણા ૨૭મી ફેબ્રુઆરીના રોજ જિનિવામાં યોજાશે. યુક્રેનમાં રશિયાના પૂર્ણસ્તરના આક્રમણને ૧૪૨૦ દિવસ પૂરા થતા આ ગાળો બીજા વિશ્વયુદ્ધમાં નાઝી જર્મનીને પરાજિત કરવા મોસ્કોએ લીધેલા સમયને પાર કરી ગયો છે, જે એક પ્રતીકાત્મક અને ગંભીર સીમાચિહ્ન છે. જો કે બર્લિનમાં સોવિયેત આગેકૂચથી વિપરીત હાલનું અભિયાન સ્થગિત થઈ ગયું છે. ૨૦૨૨ના પ્રારંભમાં કીવ પર કબજો જમાવવામાં નિષ્ફળ ગયા પછી રશિયન દળો પૂર્વ યુક્રેનમાં ફસડાઈ પડ્યા છે. આ યુદ્ધ ભારે માનવીય અને ભૌતિક નુકસાન સાથેના ભીષણ સંઘર્ષમાં પરિવર્તિત થઈ ગયું છે.

૨૦૧૪માં ક્રીમિયાને જોડી દીધા પછી યુક્રેનના લગભગ વીસ ટકા વિસ્તાર પર કબજો જમાવવા છતાં ફેબ્રુઆરી ૨૦૨૨ પછી રશિયાની આગેકૂચ ધીમી પડી છે. છેલ્લા બે વર્ષમાં તેના દળો ડોનેટ્સ્ક વિસ્તારમાં લગભગ માત્ર પચાસ કિલોમીટર જેટલા આગળ વધ્યા છે અને મુઠ્ઠીભર ગઢ માટે ભારે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. ખુવારીના અનુમાન આંચકાજનક છેઃ સેન્ટર ફોર સ્ટ્રેટેજિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝએ રશિયન નુકસાન બાર લાખ અને યુક્રેનિયન જાનહાનિ છ લાખ થઈ હોવાનું અનુમાન લગાડયું છે, જેના પરિણામે તે બીજા વિશ્વ યુદ્ધ પછી યુરોપનો સૌથી જીવલેણ સંઘર્ષ બની ચુક્યો છે.યુદ્ધના મેદાનની બહાર પણ બંને દેશોએ એક બીજાના મહત્વના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લક્ષ્યાંક બનાવ્યું છે. રશિયાએ પાવર નેટવર્ક તોડી પાડવાના આશયથી યુક્રેનની ઊર્જા ગ્રીડ પરના હુમલા વધુ તીવ્ર કર્યા છે જેના કારણે યુક્રેનમાં શિયાળા દરમ્યાન વ્યાપક બ્લેકઆઉટ સર્જાયો છે. બ્લેક સીમાં યુક્રેનની કાર્યવાહીને કારણે રશિયાને તેના કાફલાના કેટલાક હિસ્સા અન્ય સ્થળે ખસેડવાની ફરજ પડી છે, જે ક્રેમલીન માટે પ્રતીકાત્મક અને વ્યૂહાત્મક પીછેહઠ છે.

અમેરિકાની આગેવાની હેઠળના મધ્યસ્થી સહિતના રાજદ્વારી પ્રયાસો અસંગત માગણીઓ વચ્ચે અટવાયા છે. પ્રમુખ વ્લાદીમીર પુતિનનો આગ્રહ છે કે યુક્રેન વિવાદીત ક્ષેત્રોમાંથી પાછુ હટે અને નાટોમાં જોડાવવાની મહત્વાકાંક્ષા છોડી દે, જ્યારે પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કીએ વર્તમાન સ્થિતિ અને સુરક્ષા ખાતરીની શરતે યુદ્ધવિરામની અપીલ કરી છે.

# વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારતીય શેરબજારમાં વેચવાલીનો માહોલ...!!!

**આ**જના ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજારમાં શરૂઆત સકારાત્મક રહી, પરંતુ દિવસ દરમિયાન નફાવસૂલાત અને વૈશ્વિક સંકેતોને કારણે સૂચકાંકોમાં ઉતારચઢાવ જોવા મળ્યો. મુખ્ય સૂચકાંક શરૂઆતમાં લીલા નિશાનમાં ટ્રેડ થયા, પરંતુ અંતે મર્યાદિત વધઘટ સાથે બંધ રહ્યા. બજારમાં સેક્ટર રોટેશન સ્પષ્ટ રીતે જોવા મળ્યું, જ્યાં કેટલાક ડિફેન્સિવ અને બેંકિંગ શેરોમાં ખરીદી રહી જ્યારે ટેક્નોલોજી અને મેટલમાં દબાણ નોંધાયું.

આજ બજાર પોઝિટિવ રહેવાના કેટલાક મહત્ત્વપૂર્ણ કારણો રહ્યા છે. બેંકિંગ સેક્ટરમાં મજબૂત ખરીદી અને સંસ્થાગત રોકાણકારોની ભાગીદારીથી મુખ્ય સૂચકાંકોને સારો સપોર્ટ મળ્યો. સ્થાનિક સંસ્થાગત રોકાણકારો (DII) દ્વારા નીચલા સ્તરે ખરીદી થવાથી બજારમાં સ્થિરતા જોવા મળી. મોંઘવારી નિયંત્રણમાં રહેતા વ્યાજદર વધારાની ભીતિ ઘટી છે, જે ઈક્વિટી બજાર માટે સકારાત્મક પરિબળ છે. ઉપરાંત, ક્રુડ ઓઈલના ભાવમાં સ્થિરતા ભારત જેવા આયાત આધારિત દેશ માટે લાભદાયી છે. વૈશ્વિક બજારોમાંથી પણ સકારાત્મક સંકેતો મળ્યા, ખાસ કરીને ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ અનેનાસ્ડેક કમ્પોઝિટમાં સુધારાથી રોકાણકારોના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો. સરકારી મૂડી ખર્ચ અને સારા કોર્પોરેટ પરિણામોની અપેક્ષા પણ બજારની તેજી પાછળના મુખ્ય કારણો રહ્યા છે.

**બીએસઈ સેન્સેક્સ:** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૨૨૨૫ સામે ૮૨૫૩૦ પોઈન્ટના મથાળેથી ખુલીને ૮૨૧૩૨ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ ૮૨૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૫૦ પોઈન્ટના ઉછાળા સાથે ૮૨૨૭૬ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

**નિફટી ફયુચર :** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે નિફટી ફયુચર આગલા બંધ ૨૫૬૦૦ સામે ૨૫૬૫૫ પોઈન્ટના મથાળેથી ખુલીને ૨૫૫૭૧ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા નિફટી ફયુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ ૨૪૬ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફટી ફયુચર ૨૪ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫૬૨૪ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

**તેજીના મુખ્ય કારણો :**

**બેંકિંગ સેક્ટરમાં મજબૂત ખરીદી:** પ્રાઈવેટ અને ૭જ૭ બેન્કોમાં સંસ્થાગત ખરીદીથી ઈન્ડેક્સને ટેકો.

**ડીઆઈઆઈનો સતત સપોર્ટ:** સ્થાનિક ફંડ હાઉસિસે નીચલા લેવલ્સ પર ખરીદી કરી.

**મોંઘવારી નિયંત્રણમાં:** વ્યાજદર વધારાની આશંકા ઓછી થતાં સેન્ટિમેન્ટ સુધર્યું.

**ક્રુડ ઓઈલમાં નરમાઈ:** આયાત ખર્ચમાં ઘટાડો ભારત માટે સકારાત્મક.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કેપિટલ ગુડ્સમાં ઓર્ડર ફલો મજબૂત.

**મંદીના કારણો :**

**વૈશ્વિક બજારોમાં અસ્થિતા:** યુએસ બજારમાં મિશ્ર

રોકાણકારોની શ્રધ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટર®
www.nikhilbhatt.in
નિખિલ ભટ્ટ
+91 99390 80808

વલણ.

**યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો:** વૈશ્વિક રોકાણકારો સાવચેત રહ્યા.

**I.T. સેક્ટરમાં નફાવસૂલાત:** ટેક શેરોમાં દબાણ.

**મેટલ શેરોમાં ઘટાડો:** આંતરરાષ્ટ્રીય ધાતુના ભાવમાં નરમાઈ.

ઊંચા વેલ્યુએશન પર પ્રોફિટ બુકિંગ.

**વૈશ્વિક બજારોની અસર:**

યુએસના મુખ્ય સૂચકાંક ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ અને નાસ્ડેક કમ્પોઝિટ છેલ્લા સેશનમાં મિશ્ર રહ્યા હતા. ટેક શેરોમાં ઘટાડો અને બોન્ડ યીલ્ડમાં વધારો એશિયન બજારો પર અસરકારક રહ્યા. યુરોપિયન બજારોમાં પણ સાવચેત વલણ જોવા મળ્યું. ચીનના આર્થિક આંકડાઓ મિશ્ર રહ્યા, જેના કારણે વૈશ્વિક સેન્ટિમેન્ટ સંપૂર્ણપણે સકારાત્મક બન્યો નહીં.

**સેક્ટરવાઈઝ થયેલી મૂવમેન્ટ :**

**બેંકિંગ અને ફાઈનાન્સ:** સૌથી વધુ તેજી.

**કેપિટલ ગુડ્સ:** મજબૂત ઓર્ડર બુકને કારણે ખરીદી.

**ઓટો:** પસંદગીયુક્ત તેજી.

**FMCG:** ડિફેન્સિવ સપોર્ટ.

**IT:** વૈશ્વિક દબાણને કારણે ઘટાડો.

**મેટલ:** આંતરરાષ્ટ્રીય ભાવમાં નરમાઈથી દબાણ.

**ફાર્મા:** મિશ્ર પરંતુ સ્થિર ટ્રેન્ડ.

**રિયલ એસ્ટેટ:** વ્યાજદર સ્થિર રહેવાની અપેક્ષા સાથે સુધારો.

**કોમોડિટી બજારો :**

**સોનું:** વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે સલામત રોકાણ તરીકે માંગ યથાવત.

**ચાંદી:** ઔદ્યોગિક માંગને કારણે મિશ્ર વલણ.

**મેટલ્સ:** કોપર અને એલ્યુમિનિયમમાં અસ્થિરતા.

**ક્રુડ ઓઈલ:** ભાવમાં સ્થિરતા ભારતીય બજાર માટે સકારાત્મક.

**બજારની ભાવિ દિશા:** આગામી દિવસોમાં બજાર માટે સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન રહેશે કે શું હાલનું કન્સોલિડેશન મોટો બ્રેકઆઉટ આપશે કે પછી થોડો સમય વધુ રેન્જબાઉન્ડ મૂવમેન્ટ ચાલુ રહેશે. હાલ ઈન્ડેક્સ ટેકનિકલ ચાર્ટ પર સાઈડવેઝ પેટર્નમાં ટ્રેડ થઈ રહ્યો છે, જે સામાન્ય રીતે મોટી દિશાત્મક ચાલ પહેલાં જોવા મળે છે. જો લાર્જકેપ શેરોમાં ફરીથી મજબૂત વોલ્યુમ સાથે ખરીદી જોવા મળે તેમના મહત્ત્વપૂર્ણ રેઝિસ્ટન્સ લેવલ્સ ઉપર ક્લોઝિંગ આપે, તો બજારમાં શોર્ટ કવરિંગ સાથે તેજી વધુ ઝડપ પકડી શકે છે. બેંકિંગ સેક્ટર હજુ પણ બજાર માટે મુખ્ય ડ્રાઈવર બની શકે છે. જો ક્રેડિટ ગ્રોથ અને એસેટ ક્વોલિટી અંગે સકારાત્મક સંકેતો યથાવત રહે, તો ઈન્ડેક્સને મજબૂત આધાર મળશે. સાથે સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કેપિટલ ગુડ્સ અને ઓટો સેક્ટરમાં ઓર્ડર બુક અને માંગ સંબંધિત સમાચાર બજારને ટેકો આપી શકે છે. પરંતુ વૈશ્વિક પરિસ્થિતિ મહત્ત્વપૂર્ણ રહેશે. જો અમેરિકી સૂચકાંક જેમ કે ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ અને નાસ્ડેક કમ્પોઝિટમાં અસ્થિરતા વધે, યુએસ બોન્ડ યીલ્ડ ઊંચી રહે અથવા ડોલર મજબૂત બને, તો વિદેશી સંસ્થાગત રોકાણકારો નફાવસૂલાત તરફ વળી શકે છે. આ પરિસ્થિતિમાં ભારતીય બજાર પર દબાણ આવી શકે છે અને ઈન્ડેક્સ થોડો સમય માટે રેન્જમાં જ રહી શકે છે. સેક્ટર રોટેશન આગામી ટ્રેન્ડમાં નિર્ણાયક સાબિત થશે. બેંકિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાદ હવે ડિફેન્સિવ સેક્ટર જેમ કે એફએમસીજી અને ફાર્મામાં પણ રસ વધી શકે છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં સ્ટોક સ્પેસિફિક એક્શન ચાલુ રહેવાની શક્યતા છે, પરંતુ ઊંચા વેલ્યુએશનને કારણે વોલેટિલિટી વધુ રહી શકે છે. સારાંશરૂપે, બજારનો મધ્યગાળાનો ઝુકાવ હળવો પોઝિટિવ દેખાય છે, પરંતુ દરેક ઉછાળામાં સ્ટોપલૉસ અને રિસ્ક મેનેજમેન્ટ સાથે આગળ વધવું વધુ યોગ્ય રહેશે.

**ડિસ્કલેમર/પોલીસી/શરતો www.nikhilbhatt.inને આધીન...!!!** સિક્યોરિટીઝ માર્કેટમાં રોકાણ બજારના જોખમોને આધીન છે. રોકાણ/વેપાર કરતા પહેલાં www.nikhilbhatt.in પર ઉલ્લેખિત ડિસ્ક્લેમર અને તમામ સંબંધિત દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો અને સંમત થાઓ.

## ગુજરાત સરકારની ઝીરો ટોલરન્સ નીતિ..!?

# ૨ વર્ષમાં ૩૭૨૭ કરોડનું ડ્રગ્સ ઝડપાયું, માફિયાઓ પર બુલડોઝર

### ડ્રગ્સના સોદાગરો સામે પોલીસ કડક વલણ અપનાવી રહી હોવાનું ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સભાગૃહમાં જણાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૨૫**

ગુજરાતના યુવાધનને નશાના રવાડે ચડાવતા અસામાજિક તત્વોને નેસ્તનાબૂદ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે કમર કસી છે. ગાંધીનગર ખાતે વિધાનસભામાં રજૂ કરાયેલી વિગતો અનુસાર, છેલ્લા ૨ વર્ષમાં ગુજરાત પોલીસે રાજ્યના વિવિધ વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને અંદાજે ૩૭૨૭ કરોડ રૂપિયાની કિંમતનું ડ્રગ્સ જપ્ત કર્યું છે. રાજ્યને ડ્રગ્સ મુક્ત બનાવવાના મક્કમ સંકલ્પ સાથે સરકારે માત્ર નશીલા પદાર્થો પકડવા પર જ નહીં, પરંતુ ડ્રગ્સ માફિયાઓના આર્થિક સામ્રાજ્યને પણ તોડી પાડવા ટોપ ટુ બોટમ ઈન્વેસ્ટિગેશન શરૂ કર્યું છે, જેના ભાગરૂપે ગેરકાયદે મિલકતો પર બુલડોઝર ફેરવવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સભાગૃહમાં ગર્જના કરતા જણાવ્યું હતું કે, ડ્રગ્સના સોદાગરો સામે ગુજરાત પોલીસ અત્યંત કડક વલણ અપનાવી રહી છે. પોલીસ માત્ર પેડલર્સ સુધી મર્યાદિત ન રહેતા ડ્રગ્સ નેટવર્કના મૂળ સુધી પહોંચી રહી છે. કચ્છ જિલ્લામાં ડ્રગ્સના કાળા કારોબારથી ઉભી કરાયેલી ૩૨.૨૦ કરોડ રૂપિયાની મિલકતો સરકાર દ્વારા જપ્ત કરવામાં આવી છે. એટલું જ નહીં, જામનગરમાં ગૌચર અને સરકારી જમીન પર અતિક્રમણ કરીને બનાવાયેલા ડ્રગ માફિયાઓના ગેરકાયદે બાંધકામો પર દાદાનું બુલડોઝર ફેરવીને તેને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું છે.

ગુજરાત પોલીસની સતર્કતાને કારણે માત્ર રાજ્યમાં જ નહીં, પરંતુ અન્ય રાજ્યોમાં ચાલતા ડ્રગ્સના રેકેટનો પણ પર્દાફાશ થયો છે.

એટીએસ (ATS) અને સ્થાનિક પોલીસના સંકલનથી પાંડી બ્રધર્સ જેવા કુખ્યાત આંતરરાજ્ય ડ્રગ્સ માફિયાઓના નેટવર્કને તોડી પાડવામાં સફળતા મળી છે. હર્ષ સંઘવીએ વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાત પોલીસે રાજ્યની બહાર પણ જ્યાં ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીઓ ધમધમતી હતી, ત્યાં દરોડા પાડીને ઉત્પાદન એકમોને સીલ કર્યા છે. આ કામગીરી દર્શાવે છે કે ગુનેગાર ભલે ગમે ત્યાં છુપાયો હોય, ગુજરાત પોલીસની નજરથી બચી શકશે નહીં. રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાએ ડ્રગ્સ વિરુદ્ધની લડાઈના આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, છેલ્લા ૨ વર્ષ દરમિયાન સમગ્ર રાજ્યમાં કુલ ૧૬૪૭ જેટલા ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.

આ ગાળામાં ૪૧૦૦૦ કિલોથી વધુ નશીલા પદાર્થોનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારો એવા જામનગર અને કચ્છમાં ૧૩૫ ગુનાઓ નોંધીને ૩૦૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમના પાસેથી ૨૪૪.૫૯ કરોડનું ડ્રગ્સ કબજે કરાયું છે. નોંધનીય છે કે, સમગ્ર દેશમાં ગુજરાતનો ડ્રગ્સ સંબંધિત ક્રાઈમ રેટ માત્ર ૦.૮ છે, જે રાષ્ટ્રીય સ્તરે સૌથી ઓછો છે. સરકાર માત્ર દંડનાત્મક કાર્યવાહી જ નથી કરી રહી, પરંતુ જે યુવાનો ભૂલથી આ માર્ગે ચડી ગયા છે તેમના માટે માનવીય અભિગમ પણ દાખવ્યો છે. સુરત અને અમદાવાદ જેવા મોટા શહેરોમાં પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં વિશેષ કાઉન્સેલિંગ સત્રો યોજવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત યુવાનોને જેલમાં ધકેલવાને બદલે પરિવારના સહયોગથી વ્યસનમુક્ત કરી સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવાનો પ્રયાસ કરાય છે. આ વર્ષના બજેટમાં પણ દરેક જિલ્લામાં નવા ડ્રગ્સ મુક્તિ કેન્દ્રો ખોલવાની મહત્વની જોગવાઈ કરવામાં આવી છે.

ડ્રગ્સની હેરાફેરીને અટકાવવા માટે ટેકનોલોજી અને વિશેષ માળખાગત સુવિધાઓ ઊભી કરાઈ છે. રાજ્યમાં ૬ અલગ અલગ ઝોનમાં એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) સક્રિય કરવામાં આવી છે. ડ્રગ્સને ઉગામો અને પકડનારને પ્રોત્સાહનના મંત્ર સાથે પોલીસ જવાનોનું મનોબળ વધારવામાં આવી રહ્યું છે. દરિયાઈ માર્ગે આવતા કેફી દ્રવ્યોને રોકવા માટે કોસ્ટ ગાર્ડ અને એટીએસ સતત પેટ્રોલિંગ કરી રહ્યા છે.

## ગુજરાતમાં જોવા મળશે છાયા ગ્રહણ

# ૩ માર્ચે ભારતમાં દેખાશે ખગ્રાસ ચંદ્રગ્રહણનો અદ્‌ભૂત નજારો

### આ ગ્રહણની વિશેષતા એ છે કે ભારતના અલગ-અલગ ભાગોમાં તે ખગ્રાસ, ખંડગ્રાસ અને ગ્રસ્તોદિત એમ ત્રણ સ્વરૂપે નિહાળવા મળશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫:** આગામી ૩ માર્ચ મંગળવારના રોજ અવકાશમાં એક વિશિષ્ટ ખગોળીય ઘટના આકાર લેવા જઈ રહી છે. સમગ્ર વિશ્વ સહિત ભારતમાં પણ આ દિવસે ખગ્રાસ ચંદ્રગ્રહણ જોવા મળશે. આ ગ્રહણની વિશેષતા એ છે કે ભારતના અલગ-અલગ ભાગોમાં તે ખગ્રાસ, ખંડગ્રાસ અને ગ્રસ્તોદિત એમ ત્રણ સ્વરૂપે નિહાળવા મળશે. ભારતીય સમય અનુસાર ગ્રહણની પ્રક્રિયા બપોરથી શરૂ થઈ રાત્રિ સુધી ચાલશે. પૃથ્વી પર ગ્રહણનો કુલ સમયગાળો ૫ કલાક ૩૯ મિનિટનો રહેશે, જેમાં ૫૮ મિનિટ સુધી ગ્રહણમાં સ્થિરતા જોવા મળશે.

**ગ્રહણ સ્પર્શ: ૧૪:૧૪:૨૫ કલાકે**

**ગ્રહણ સંમીલન: ૧૬:૩૪:૩૪ કલાકે**

**ગ્રહણ મધ્ય: ૧૭:૦૩:૪૬ કલાકે**

**ગ્રહણ ઉન્મીલન: ૧૮:૪૭:૧૫ કલાકે.**

**ગ્રહણ મોક્ષ: ૧૯:૫૩:૦૬ કલાકે.**

**પરમ ગ્રાસ: ૧.૧૫૫.**

ભારતના ભૌગોલિક સ્થાન મુજબ ગ્રહણના વિવિધ રૂપો જોવા મળશે.

ખગ્રાસ: અંદામાન-નિકોબાર, અરૂણાચલ પ્રદેશ, આસામ, પશ્ચિમ બંગાળ સહિતના પૂર્વીય રાજ્યોમાં ખગ્રાસ એટલે કે સપૂર્ણ ચંદ્રગ્રહણ જોવા મળશે.

**ખંડગ્રાસ:** દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, ઉત્તર પ્રદેશ અને દક્ષિણ ભારતના રાજ્યોમાં ખંડગ્રાસ એટલે કે આશિંક જોવા મળશે.

**છાયા ગ્રહણ:** ગુજરાતમાં મોટાભાગના વિસ્તારોમાં છાયા ગ્રહણ જોવા મળશે, જ્યારે દાહોદના અમુક ભાગોમાં આંશિક અસર દેખાશે.

**વિજ્ઞાન જાથાનો અભિગમ:** આ માત્ર ભૂમિતિની રમત છે.

ભારત જન વિજ્ઞાન જાથાના રાજ્ય ચેરમેને જણાવ્યું છે કે, ગ્રહણ એ સૂર્ય, પૃથ્વી અને ચંદ્રના પરિભ્રમણના કારણે સર્જાતી એક શુદ્ધ ભૌમિતિક ઘટના છે. ચંદ્ર કે સૂર્યગ્રહણની માનવજીવન ઉપર લેશમાત્ર અસર થતી નથી. ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી તે વિજ્ઞાન સિદ્ધ છે. જયારે જયોતિષીઓ ફળકથનોમાં વ્યસ્ત હશે, ત્યારે વિશ્વભરના વૈજ્ઞાનિકો આ ઘટનાનો ઉપયોગ માનવ કલ્યાણકારી સંશોધનો માટે કરશે. ખગોળપ્રેમીઓ આ નજારાને નરી આંખે અથવા ટેલિસ્કોપ દ્વારા નિહાળી શકશે. આ ઘટનાની વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી માટે પણ આ એક શ્રેષ્ઠ અવસર સાબિત થશે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## ભારતીય બેટ્સમેનોની ખુલી ગઈ પોલ

# પૂર્વ ક્રિકેટર અભિષેક નાયરે ઓપનિંગ જોડીના પ્રદર્શન પર ચિંતા વ્યક્ત કરી

### ભારતીય ઓપનરોએ ઓફ-સ્પિન બોલિંગ સામે પોતાનું પ્રદર્શન સુધારવાની જરૂર છે : અભિયેક નાયર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫ :** ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે સુપર ૮ મેચમાં ભારતીય ટીમની કારમી હાર બાદ ભારતીય બેટ્સમેનોમાં ભારે નિંદા થઈ રહી છે. વર્લ્ડ કપ શરૂ થયા પહેલા ૨૫૦ અને ૩૦૦ રન બનાવવાની ચર્ચા ચાલી રહી હતી, પરંતુ ભારતીય બેટ્સમેન દક્ષિણ આફ્રિકા સામે ૧૮૮ રન પણ બનાવી શક્યા નહીં. પૂર્વ ભારતીય ક્રિકેટર અભિષેક નાયરે ICC મેન્સ T20 વર્લ્ડ કપના સુપર ૮ તબક્કામાં ભારતની ઓપનિંગ જોડીના પ્રદર્શન પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે ખાસ કરીને પાવરપ્લે દરમિયાન ઓફ-સ્પિન બોલિંગ સામે બેટ્સમેનોની નબળાઈ તરફ ધ્યાન દોર્યું છે.



ટી૨૦ આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં નંબર વન બેટ્સમેન અભિષેક શર્માનું ટી૨૦ વર્લ્ડ કપમાં નિરાશાજનક પ્રદર્શન રહ્યું છે. ડાબોડી બેટ્સમેને ૪ મેચમાં માત્ર ૧૫ રન જ બનાવ્યા છે. તે આ ટુર્નામેન્ટમાં ત્રણ વખત ખાતું ખોલ્યા વિના પેવેલિયન પરત ફર્યો છે. તો ઈશાન કિશન ટુર્નામેન્ટમાં ભારતનો બીજો સૌથી વધુ રન બનાવનાર ખેલાડી રહ્યો છે. આ વિકેટકીપર-બેટ્સમેનએ પાંચ મેચમાં ૩૫.૨૦ની સરેરાશથી ૧૭૬ રન બનાવ્યા છે અને ટીમમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. પરંતુ છેલ્લી મેચમાં તે પણ ખાતું ખોલાવ્યા વિના આઉટ થયો હતો.

નાયરે ભારતીય ઓપનરમાં એક મોટી નબળાઈનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, ભારતીય ઓપનરોએ ઓફ-સ્પિન બોલિંગ સામે પોતાનું પ્રદર્શન સુધારવાની જરૂર છે. જ્યારે ભારત વેસ્ટ ઈન્ડિઝનો સામનો કરશે, ત્યારે રોસ્ટન ચેઝ જેવા અનુભવી સ્પિનરો પાવરપ્લેમાં બોલિંગ કરે તેવી અપેક્ષા છે. તેથી જો કિશન અને અભિષેક પોતાની ટેકનિકમાં ફેરફાર નહીં કરે, તો ટીમને મોટો ઝટકો લાગી શકે છે.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં સ્પિન સામે ભારતીય બેટ્સમેનોની નબળાઈ સ્પષ્ટપણે દેખાઈ આવી છે. આંકડા દર્શાવે છે કે સ્પિન સામે ભારતનો સરેરાશ ખરાબ છે. આ પરિસ્થિતિ ભારતીય ક્રિકેટ માટે ચિંતાનો વિષય છે. મોટી ટુર્નામેન્ટમાં સ્પિન રમવામાં નિષ્ફળતા ટાઈટલનો માર્ગ મુશ્કેલ બનાવી શકે છે. તેમણે કહ્યું કે, ઈનિંગ્સની શરૂઆતમાં કોણ સ્ટ્રાઈક શેર કરશે તે અંગે ઈશાન કિશન અને અભિષેક વચ્ચે ચોક્કસપણે કેટલીક ગેરસમજ છે. તાજેતરની મેચમાં સારા ફોર્મમાં દેખાતા હોવા છતાં ઈશાન શૂન્ય રન પર આઉટ થયો હતો. આ ટીમ ઈન્ડિયા માટે ચિંતાનો વિષય છે અને ટીમ મેનેજમેન્ટ તેના પર ચર્ચા કરશે. તેમણે એમ પણ કહ્યું કે ઓફ-સ્પિન સામે વધુ સારી યોજનાની જરૂર છે. બેટ્સમેનોએ સ્પષ્ટ રણનીતિ સાથે આવવું પડશે.

## શિખર ધવનને કોર્ટે આપી મોટી રાહત

# શિખર ધવનની પૂર્વ પત્ની આયશાને રૂ.૫.૭૨ કરોડ પરત કરવાનો આદેશ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫ :** ભારતીય ક્રિકેટર શિખર ધવનને પટિયાલા હાઉસ ફેમિલી કોર્ટ તરફથી મોટી રાહત મળી છે. પ્રોપર્ટી વેચાણના કેસમાં કોર્ટે શિખર ધવનની પૂર્વ પત્ની આયશાને ઓસ્ટ્રેલિયામાં પ્રોપર્ટીના વેચાણ દ્વારા મેળવેલી અંદાજે ૫.૭૨ કરોડ રૂપિયાની રકમ પરત કરવાનો આદેશ કર્યો છે. પટિયાલા હાઉસ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે ઓસ્ટ્રેલિયન ફેમિલી કોર્ટ દ્વારા પ્રોપર્ટી સેટલમેન્ટ અંગે અપાયેલો આદેશ ભારતીય કાયદા હેઠળ લાગુ કરી શકાય નહીં.

આ વિવાદનું મુખ્ય કારણ ઓસ્ટ્રેલિયાની પ્રોપર્ટી હતી. શિખર ધવને ઓસ્ટ્રેલિયામાં પ્રોપર્ટી ખરીદવા મોટી રકમ રોકી હતી, જેમાં આયશા સહ માલિક હતી. આયશાએ આ પ્રોપર્ટી વેચી દીધી હતી અને તેના વેચાણથી મળેલી રકમ (અંદાજે રૂ.૫.૭૨ કરોડ) રાખી હતી. ઓસ્ટ્રેલિયન કોર્ટે આયશાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, પરંતુ ભારતીય કોર્ટે હવે આદેશ આપ્યો છે કે આ રકમ ધવનને પરત મળવી જોઈએ.

આ મામલે ફેમિલી કોર્ટે અવલોકન કર્યું હતું કે ઓસ્ટ્રેલિયાના ફેમિલી લૉ ૧૯૭૫ હેઠળ અપાયેલો ચુકાદો હિન્દુ મેરેજ એક્ટ અને ભારતની જાહેર નીતિ વિરુદ્ધ છે. આથી, ભારતીય કાયદાકીય માળખા અનુસાર વિદેશી કોર્ટના આ નિર્ણયને ભારતમાં માન્યતા આપી શકાય નહીં.

## સ્ટીવ બકનરે ૨૨ વર્ષ પછી ભૂલ સ્વીકારી

# બ્રિસ્બેન ટેસ્ટમાં સચિન તેંડુલકરને LBW આઉટ આપવો મોટી ભૂલ હતી

### બકનરે કબૂલ્યું છે કે, જીવનમાં ઘણી ભૂલો થઈ જતી હોય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બ્રિસ્બેન, તા.૨૫ :** ક્રિકેટ જગતના ઈતિહાસમાં અમુક એવા નિર્ણયો હોય છે જે દાયકાઓ સુધી ભૂલાતા નથી. આવો જ એક વિવાદાસ્પદ કિસ્સો ફરી એકવાર ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. વર્ષ ૨૦૦૩-૦૪ના ઓસ્ટ્રેલિયામાં બ્રિસ્બેન ટેસ્ટમાં બેટર સચિન તેંડુલકરને અપાયેલા ખોટા એલબીડબલ્યુ (LBW) આઉટના અંગે અમ્પાયર સ્ટીવ બકનરે ૨૨ વર્ષે ભૂલ સ્વીકારી છે. બકનરે કબૂલ્યું છે કે, જીવનમાં ઘણી ભૂલો થઈ જતી હોય છે. એ દિવસે મારાથી સચિનને આઉટ આપવાનો નિર્ણય ખોટો હતો.

બ્રિસ્બેન ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર જેસન ગિલેસ્પીના એક બોલને સચિને રમવાને બદલે છોડવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ બોલ તેના પેડ પર જઈને વાગ્યો હતો. ઓસ્ટ્રેલિયન ખેલાડીઓની જોરદાર અપીલ બાદ અમ્પાયર બકનરે સચિનને આઉટ જાહેર કર્યો હતો. ત્યારે તે માત્ર ત્રણ રન પર રમી રહ્યો હતો. જો કે, મેચ બાદ ટીવી રિપ્લેમાં સ્પષ્ટપણે દેખાતું હતું કે, બોલ સ્ટમ્પની ઉપરથી જઈ રહ્યો હતો અને સચિન સ્પષ્ટપણે નોટ આઉટ હતો. એ ભૂલના કારણે કરોડો ક્રિકેટ ચાહકોમાં રોષ ફાટી નીકળ્યો હતો.

## સુપ્રીમ કોર્ટની નારાજગી બાદ NCERTનો મહત્ત્વનો નિર્ણય

# પાઠ્ય પુસ્તકમાંથી 'ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર' પ્રકરણ હટાવાયું

### આ પુસ્તકના એક પ્રકરણમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અને કેસોના મોટા બેકલોગ અંગે ટિપ્પણી કરાઈ હતી, જેના કારણે ન્યાયિક ક્ષેત્રમાં ભારે રોષ જોવા મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૫**

શિક્ષણ જગત અને ન્યાયતંત્ર વચ્ચે સર્જાયેલા વિવાદ બાદ NCERT(નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ) દ્વારા ધોરણ-૮ના સામાજિક વિજ્ઞાનના નવા પુસ્તક એક્સપ્લોરિંગ સોસાયટી: ઈન્ડિયા એન્ડ બિયોન્ડ(પાર્ટ-૨)ના વેચાણ પર તાત્કાલિક અસરથી રોક લગાવી દેવામાં આવી છે. શિક્ષણ મંત્રાલયના સૂત્રોએ આ માહિતીની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે, મંગળવારથી જ આ પુસ્તક બજારમાંથી પાછું ખેંચી લેવામાં આવ્યું છે. આ પુસ્તકના એક પ્રકરણમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અને કેસોના મોટા બેકલોગ અંગે ટિપ્પણી કરવામાં આવી હતી, જેના કારણે દેશના ન્યાયિક ક્ષેત્રમાં ભારે રોષ જોવા મળ્યો છે.

આ વિવાદની ગંભીરતા ત્યારે વધી જ્યારે ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે આ બાબતે કડક વલણ અપનાવ્યું. બુધવારે કોર્ટમાં વરિષ્ઠ વકીલો અભિષેક મનુ સિંઘવી અને કપિલ સિબલ દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. કપિલ સિબલે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, ધોરણ ૮ના વિદ્યાર્થીઓને ન્યાયતંત્ર ભ્રષ્ટ છે એવું ભણાવવામાં આવે તે અત્યંત પરેશાન કરનારી બાબત છે. તેના જવાબમાં CJI સૂર્યકાંતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, હું કોઈને પણ આ સંસ્થાને બદનામ કરવાની મંજૂરી આપીશ નહીં. આ એક ગંભીર બાબત છે અને આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવવો તે હું સારી રીતે જાણું છું. નવા પુસ્તકમાં સમાવિષ્ટ આ વિવાદાસ્પદ પ્રકરણમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, સામાન્ય લોકો ન્યાયતંત્રના વિવિધ સ્તરો પર ભ્રષ્ટાચારનો અનુભવ કરે છે, જેના કારણે ગરીબ અને વંચિત લોકો માટે ન્યાય મેળવવો મુશ્કેલ બની જાય છે. આ સાથે જ ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન મળેલી અંદાજે ૧,૬૦૦ જેટલી ફરિયાદોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જોકે, જૂના પુસ્તકોમાં ન્યાયતંત્રની સ્વતંત્રતા અને માળખા વિશે જ માહિતી હતી, તેમાં ભ્રષ્ટાચાર જેવો કોઈ ઉલ્લેખ નહોતો.



સુપ્રીમ કોર્ટે NCERTના ધોરણ ૮ના નવા પાઠ્યપુસ્તકમાં ન્યાયપાલિકામાં ભ્રષ્ટાચાર અને પેન્ડિંગ કેસો અંગેના પ્રકરણ સામે સુઓ મોટો લઈને કડક નારાજગી વ્યક્ત કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે આ મામલે અત્યંત ગંભીર વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે, તેઓ ન્યાયતંત્રને બદનામ કરવાની મંજૂરી કોઈને પણ આપશે નહીં અને આ પગલું તેમને ઈરાદાપૂર્વકનું લાગી રહ્યું છે. આ વિવાદ ત્યારે વકર્યો જ્યારે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટનું ધ્યાન દોર્યું કે નાના વિદ્યાર્થીઓને ન્યાયતંત્ર ભ્રષ્ટ હોવાનું ભણાવવું એ ચિંતાનો વિષય છે, જ્યારે જસ્ટિસ બાગચીએ તેને બંધારણના મૂળભૂત માળખા વિરુદ્ધ ગણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, NCERTના નવા સિલેબસમાં અદાલતોમાં અંદાજે ૫ કરોડથી વધુ પેન્ડિંગ કેસો, ન્યાયાધીશોની અછત અને ભ્રષ્ટાચારને ન્યાયિક પ્રણાલીના પડકારો તરીકે દર્શાવવામાં આવ્યા હતા. જોકે, શિક્ષણ અને ન્યાયિક ગરિમા વચ્ચે સંતુલન જાળવવું અત્યંત મહત્ત્વનું હોવાથી, હાલમાં શિક્ષણ ક્ષેત્રે પારદર્શિતા જળવાય અને ન્યાયતંત્રનું મહત્ત્વ ઓછું ન થાય તે હેતુથી હાલ આ પુસ્તકને સુધારા માટે પાછું ખેંચી લેવામાં આવ્યું છે.

# ઓડિશાના ભુવનેશ્વરમાં ૩૦,૦૦૦ રૂપિયાની લાંચમાં પકડાયો સરકારી અધિકારી

### કટક સર્કલના ખાણ વિભાગના ઇન્ચાર્જ ડેપ્યુટી ડિરેક્ટર દેવબ્રત મોહંતીની વેપારી પાસેથી લાંચ લેવા બદલ ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઓડિશા, તા.૨૫**

ભુવનેશ્વરમાં ગઈકાલે (૨૪મી ફેબ્રુઆરીએ) ૩૦,૦૦૦ હજારની લાંચ લેતા રંગે હાથ પકડાયેલા ખાણ-ખનીજ વિભાગના અધિકારી દેવબ્રત મોહંતીની ધરપકડ બાદ આ મામલે આજની તપાસમાં હાલ ચોંકાવનારા તથ્યો બહાર આવી રહ્યા છે. આ મામલે આરોપી અધિકારી સાથે જોડાયેલા ત્રણ સ્થળોની તપાસ કરતા તેમના ઘરમાં જાણે રૂપિયાનો ઢગલો થયો હોય તે સમાન ૪ કરોડ રૂપિયા મળી આવતા ચકચાર મચી છે, ત્યારે તપાસ અધિકારીઓ આ ઘટનાને રાજ્યમાં ભ્રષ્ટાચારના કેસમાં અત્યાર સુધીની સૌથી મોટી રોકડ જપ્તી ગણાવી રહ્યા છે.

વિગતે વાત કરીએ તો, ઓડિશાના ભુવનેશ્વરમાં સ્ટેટ વિજિલન્સની ટીમને કોલસાનું ખાણનું લાઈસન્સ ધરાવતા એક વેપારીની ફરિયાદ મળી હતી કે, કટક સર્કલના ખાણ વિભાગના ઈન્ચાર્જ ડેપ્યુટી ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા દેવબ્રત મોહંતી નામના સરકારી અધિકારી તેમની પાસે લાંચ માંગી રહ્યા છે. જે ફરિયાદને આધારે ઓડિશા સ્ટેટ વિજિલન્સની ટીમે ગઈકાલે ૨૪મી ફેબ્રુઆરીને મંગળવારે છટકું ગોઠવ્યું આરોપી અધિકારી દેવબ્રત મોહંતીને રૂ.૩૦,૦૦૦ લાંચ લેતા રંગેહાથ પકડી પાડ્યા હતા.

એક ફરિયાદને આધારે કાર્યવાહી કરી આરોપી અધિકારી દેવબ્રત મોહંતી રૂ.૩૦,૦૦૦ લાંચ લેતા રંગેહાથ પકડાતા વિજિલન્સ ટીમે તેમની ધરપકડ કરી અને આગળની કાર્યવાહી શરૂ કરી હતી, ત્યારે તપાસમાં સામે આવ્યું કે, આ સરકારી અધિકારી દેવબ્રત મોહંતીએ વેપારીના કોલસા ડેપોને સુચારુ રીતે ચલાવવા અને કોલસાના પરિવહન માટે પરવાનગી આપવાના બદલામાં પૈસાની માંગણી કરી હતી.

બાદમાં ઘટનાને ગંભીરતાથી લઈને ઓડિશા વિજિલન્સની ટીમે લાંચ લેતા પકડાયેલા ખાણ-ખનીજ વિભાગના અધિકારી દેવબ્રત મોહંતીની ધરપકડ કરી તેમની વધુ પુછપરછ હાથ ધરી તેમની સાથે જોડાયેલા ત્રણ સ્થળો ભુવનેશ્વરમાં મોહંતીના ફ્લેટ, ભદ્રક જિલ્લામાં તેમના પિતાના ઘરે અને કટકમાં તેમની ઓફિસ ચેમ્બર એમ ત્રણેય સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા.

આ દરોડાની કાર્યવાહી દરમિયાન, ભુવનેશ્વરમાં આરોપી અધિકારી મોહંતીના ઘરમાંથી ઓડિશા વિજિલન્સના અધિકારીઓએ એક ટ્રોલી બેગમાં તથા ઘરના કબાટમાં છુપાવેલા કરોડો રૂપિયા મળી આવ્યા છે. અધિકારીઓએ આ તમામ રૂપિયા એકઠા કર્યા, ત્યારે રૂપિયાનો જાણે ઢગલો થયો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા, સાથે જ ટ્રોલી બેગમાં પણ જાણે કપડા ભર્યા હોય એ માફક ૫૦૦, ૨૦૦ અને ૧૦૦ રૂપિયા સહિતની ચલણી નોટો મળી આવી હતી.

બાદમાં અધિકારીઓએ આરોપી અધિકારીના ઘરેથી મળેલા આ તમામ રૂપિયાની ગણતરી કરતા કુલ ૪ કરોડ રૂપિયા હોવાની માહિતી હાલ સામે આવી છે. આ ઉપરાંત, મોહંતીના ઓફિસના ડ્રોવરની તપાસ કરતા તેમાંથી અને તેમની વ્યક્તિગત તપાસ દરમિયાન ૧.૨૦લાખ રૂપિયા મળી આવ્યા હતા. જે તમામ રકમને વિજિલન્સ ટીમે સ્થળ પર જ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આટલું જ નહીં આ કેસની પ્રાથમિક તપાસ બાદ આરોપી અધિકારી મોહંતીના અન્ય સંપત્તિઓ પણ શંકાના દાયરામાં આવી છે, જેમાં ભુવનેશ્વરમાં લગભગ ૨,૪૦૦ ચોરસ ફૂટ જમીન પર બનેલું બે માળનું રહેણાંક ઘર અને લગભગ ૧૩૦ ગ્રામ સોનું સામેલ છે. ઓડિશા વિજિલન્સની ટીમના અધિકારીઓએ આ જપ્તીને રાજ્યના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી જપ્તી ગણાવી છે.

હાલ, આ મામલે ભુવનેશ્વર વિજિલન્સ પોલીસ સ્ટેશનમાં ભ્રષ્ટાચાર નિવારણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૮ની કલમ ૭ હેઠળ આરોપી મોહંતી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે અને આ મામલે વધુ શોધખોળની કામગીરી ચાલુ છે, ત્યારે તપાસ આગળ વધતાં વધુ ચોંકાવનારા ઘટસ્ફોટ થાય તો નવાઈ નહીં તેવી વાત ઓડિશા વિજિલન્સના સૂત્રો જણાવી રહ્યા છે.

## બાબર આઝમના નામે ઈતિહાસનો સૌથી શરમજનક રેકોર્ડ નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા.૨૫**

પાકિસ્તાનના સ્ટાર બેટ્સમેન બાબર આઝમ T20 વર્લ્ડ કપમાં એટલી ધીમી બેટિંગ કરી છે કે તેના નામે આ ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી શરમજનક રેકોર્ડ નોંધાઈ ગયો છે. T20 ક્રિકેટમાં જ્યાં ખેલાડીઓ સ્ટ્રાઈક રેટને સૌથી વધુ મહત્વ આપે છે, ત્યાં આ જ મામલે બાબર આઝમ સૌથી નીચે જોવા મળી રહ્યો છે. ઈંગ્લેન્ડ સામેની સુપર-૮ મેચમાં બાબર આઝમે ૨૪ બોલમાં ૨ ચોગ્ગાની મદદથી ૨૫ રનની ઈનિંગ રમી હતી.

આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ ૧૦૪.૧૭ હતો. આ પહેલી મેચ નથી જ્યારે બાબર આટલો ધીમો રમ્યો હોય. જો આપણે T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં ઓછામાં ઓછા ૫૦૦ રન બનાવનારા ખેલાડીઓની યાદી પર નજર કરીએ તો તેમાં સૌથી ખરાબ સ્ટ્રાઈક રેટ બાબર આઝમનો છે. ટોપ-૫ બેટ્સમેનોની આ યાદીમાં બે વધુ પાકિસ્તાની ખેલાડી પણ સામેલ છે. જો બાબર આઝમના T20 વર્લ્ડ કપ રેકોર્ડ પર નજર કરીએ તો ૨૦૨૧માં તેનું આ ટુર્નામેન્ટમાં ડેબ્યૂ થયું હતું. ત્યારથી લઈને તે અત્યાર સુધી ૨૩ ઈનિંગ્સ રમી ચૂક્યો છે, જેમાં તેણે ૬૪૦ રન બનાવ્યા છે. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ માત્ર ૧૧૧.૫ રહ્યો છે, જે T20 વર્લ્ડ કપમાં ઓછામાં ઓછા ૫૦૦ રન બનાવનારા ખેલાડીઓમાં સૌથી ઓછો છે.

બાબર આઝમે આ યાદીમાં પોતાના દેશબંધુ મોહમ્મદ હફીઝને જ પાછળ છોડી દીધો છે. હફીઝનો T20 વર્લ્ડ કપમાં સ્ટ્રાઈક રેટ ૧૧૧.૮ હતો. આ યાદીમાં ત્રીજા નંબર પર પાકિસ્તાની ખેલાડી જ મોહમ્મદ રિઝવાન છે. જોકે, મોહમ્મદ રિઝવાન હાલમાં ચાલી રહેલા T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાની ટીમનો હિસ્સો નથી. તેણે ૨૦ વર્લ્ડ કપમાં ૧૧૩ના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા છે.

**T20 વર્લ્ડ કપમાં સૌથી ઓછો સ્ટ્રાઈક રેટ (ઓછામાં ઓછા ૫૦૦ રન):** ૧૧૧.૫ - બાબર આઝમ*, ૧૧૧.૮ - મોહમ્મદ હફીઝ, ૧૧૨.૨ - કુમાર સંગાકારા, ૧૧૨.૫ - કેન વિલિયમસન, ૧૧૩.૦ - મોહમ્મદ રિઝવાન.

તમને જણાવી દઈએ કે, પાકિસ્તાનનો ઈંગ્લેન્ડ સામે બે વિકેટથી પરાજ્ય થયો છે. આ હાર સાથે જ પાકિસ્તાન T20 વર્લ્ડ કપ ૨૦૨૬માંથી બહાર થવાની આરે છે. બીજી તરફ ઈંગ્લેન્ડે સેમિફાઈનલમાં એન્ટ્રી મારી લીધી છે, જે ૨૦૨૬ના T20 વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બની છે.

## ઈરાન સાથે ટેન્શન વચ્ચે મોટી દુર્ઘટના

# અમેરિકન F-16 ફાઈટર જેટ તૂર્કિયેમાં તૂટી પડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તૂર્કિયે, તા.૨૫**

તૂર્કિયેના બાલીકેસિર પ્રાંતમાં ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ની વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. મિશન ફ્લાઈટ પર નીકળેલું તૂર્કિયે વાયુસેનાનું F-16 ફાઈટર જેટ ઉડાન ભર્યાની ગણતરીની મિનિટોમાં જ ક્રેશ થઈ ગયું હતું. આ કરુણ અકસ્માતમાં પાયલટ મેજર ઈબ્રાહિમ બોલાત શહીદ થયા છે. તૂર્કિયેના પશ્ચિમ પ્રાંત બાલીકેસિરના ૯મા મેઈન જેટ બેઝ પરથી ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વહેલી સવારે (લગભગ ૧૨:૫૦ વાગ્યે) આ ફાઈટર જેટે ઉડાન ભરી હતી. ટેકઓફ થયાની થોડી જ ક્ષણોમાં પ્લેનનો રડાર અને રેડિયો સંપર્ક તૂટી ગયો હતો. આ જેટ બાલીકેસિર નજીક આવેલા ઈસ્તંબુલ-ઈઝમીર હાઈવે પાસે જઈને પડ્યું હતું. દુર્ઘટના એટલી ભયાનક હતી કે પ્લેનનો કાટમાળ દૂર-દૂર સુધી વેરાઈ ગયો હતો અને જોરદાર ધડાકા સાથે આગનો ગોળો આકાશમાં ઉઠ્યો હતો.

હાઈવે પરથી પસાર થઈ રહેલી કારના ડેશકેમમાં આ દુર્ઘટનાના દ્રશ્યો કેદ થયા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે જેટ ખૂબ જ ઝડપથી નીચેની તરફ પડી રહ્યું છે અને ત્યારબાદ જોરદાર વિસ્ફોટ થાય છે. સદનસીબે હાઈવે પર કોઈ સામાન્ય નાગરિકને ઈજા પહોંચી નથી. બચાવ ટુકડીએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને કામગીરી શરૂ કરી દીધી હતી.

F-16 ફાઈટીંગ ફાલ્કન: તૂર્કિયેની હવાઈ શક્તિનો સ્તંભ

નિર્માતા: જનરલ ડાયનેમિક્સ (હાલ લોકહીડ માર્ટિન).

ક્ષમતા: આ ચોથી પેઢીનું સુપરસોનિક મલ્ટીરોલ ફાઈટર જેટ છે, જે હવાથી હવામાં અને હવાથી જમીન પર હુમલો કરવામાં માહેર છે. સ્પીડ: તેની મહત્તમ ઝડપ ૨૪૦૦ કિમી/કલાક છે.

તૂર્કિયેનું બળ: તૂર્કિયે વાયુસેના પાસે ૨૦૦થી વધુ F-16 જેટ છે, જે નાટો (NATO) મિશનમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. હાલમાં અકસ્માતનું સચોટ કારણ બહાર આવ્યું નથી. તૂર્કિયેના સંરક્ષણ મંત્રાલય અને સ્થાનિક વિભાગો દ્વારા એન્જિન ફેલ્યોર, ટેકનિકલ ખામી કે પાયલટની ભૂલ જેવી વિવિધ શક્યતાઓ પર તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટના તૂર્કિયે વાયુસેના માટે એક મોટો આંચકો માનવામાં આવે છે.

# રણજી ટ્રોફી ફાઈનલ મેચ દરમિયાન બાખડ્યા બે ખેલાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**હુબલી, તા.૨૫**

રણજી ટ્રોફી એલિટ ૨૦૨૫-૨૬ ફાઈનલ ૨૪ ફેબ્રુઆરીએ KSCA હુબલી ક્રિકેટ ગ્રાઉન્ડ પર જમ્મુ-કાશ્મીર અને કર્ણાટક વચ્ચે રમાઈ રહી હતી. ટાઈટલ મેચના બીજા દિવસે મેદાન પર ચાલુ મેચે બબાલ થઈ હતી. જમ્મુ-કાશ્મીરના કેપ્ટન પારસ ડોગરાએ કર્ણાટકના એક ખેલાડીને માથું માર્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

આ ઘટના જમ્મુ-કાશ્મીરની ઈનિંગની ૧૦૧મી ઓવર દરમિયાન બની હતી. કર્ણાટકનો પ્રસિદ્ધ કૃષ્ણા ઓવર ફેંકી રહ્યો હતો. એક બોલ જમ્મુ-કાશ્મીરના કેપ્ટન પારસ ડોગરાના બેટની ધાર પર વાગીને બાઉન્ડ્રી તરફ ગયો. ત્યારબાદ ડોગરાની ફોરવર્ડ શોર્ટ લેગ પર ઉભેલા અવેજી ફિલ્ડર કેવી અનીશ સાથે ઉગ્ર બોલાચાલી થઈ.

વાતવાતમાં પરિસ્થિતિ વધુ વણસી ગઈ, જે બાદ પારસ ડોગરાએ અનિશને માથું માર્યું. આ જોઈને મયંક અગ્રવાલ તરત જ દોડી ગયો અને ગુસ્સામાં પારસ ડોગરા સાથે વાત કરવા લાગ્યો. ત્યારબાદ અમ્પાયરે દરમિયાનગીરી કરી. કેએલ રાહુલે પણ જમ્મુ-કાશ્મીરના કેપ્ટન સાથે વાત કરી.

ઓવર પછી પારસ ડોગરાએ અનીશની માફી માંગી. જોકે, કર્ણાટકના ખેલાડીએ તેની માફી સ્વીકારવાનો ઈનકાર કર્યો. સમગ્ર ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં જોઈ શકાય છે કે કેપ્ટન દેવદત્ત પડિક્કલે પણ ઘટના પછી અમ્પાયર સાથે વાત કરી હતી.

KSCA હુબલી ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ફાઈનલના પહેલા દિવસે ડોગરા નવ રને બેટિંગ કરી રહ્યો હતો ત્યારે કર્ણાટકના ફાસ્ટ બોલર વિજયકુમાર વૈશાખનો બોલ તેના ગ્લવ પર વાગ્યો હતો. ઈજાને કારણે તેને રિટાયર્ડ હર્ટ થવાની ફરજ પડી હતી. જો કે, ૪૧ વર્ષીય ડોગરા બીજા દિવસે બેટિંગમાં પાછો આવ્યો અને ધીરજપૂર્વક અડધી સદી ફટકારી. તે ૧૬૬ બોલમાં ૭૦ રન બનાવી આઉટ થયો, જેમાં ૮ ચોગ્ગાનો સમાવેશ થાય છે.

# ઈઝરાયલમાં મોદીનું રેડ કાર્પેટ સ્વાગત, નેતન્યાહૂ ભેટી પડ્યાં, ગાર્ડ ઓફ ઓનર અપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તેલ અવીવ, તા.૨૫**

૯ વર્ષ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયલના બે દિવસીય પ્રવાસ માટે તેલ અવીવ પહોંચી ગયા છે. ઈઝરાયલ વડાપ્રધાન નેતન્યાહૂએ પ્રોટોકોલ તોડી એરપોર્ટ પર પીએમ મોદીનું ગળે મળીને ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. એરપોર્ટ પર જ ભારતના વડાપ્રધાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. ઈઝરાયલની યાત્રા પર નીકળેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ફ્લાઈટ લોકેશન દુનિયામાં સૌથી વધારે સર્ચ થઈ હતી. દુનિયાભરના વિમાનોની અવર જવર પર દેખરેખ રાખતા ઓનલાઈન પ્લેટફોર્મ ફ્લાઈટ રડાર પર સૌથી વધુ એર ઈન્ડિયા વનને ટ્રેક કરવામાં આવ્યું હતું.

છેલ્લા ૯ વર્ષમાં પીએમ મોદીની આ બીજી મુલાકાત છે. વર્ષ ૨૦૧૭માં તેમની મુલાકાત બાદ ભારત અને ઈઝરાયલના સંબંધો વ્યૂહાત્મક ભાગીદારીમાં ફેરવાયા હતા. જોકે, વર્તમાન યુદ્ધની સ્થિતિ વચ્ચે આ મુલાકાત રાજકીય રીતે ખૂબ જ મહત્ત્વની છે.

ઈઝારયલી કોન્સ્યુલેટ જનરલના જણાવ્યા મુજબ, 'બંને દેશો વચ્ચે હથિયારોની ખરીદી-વેચાણ માટે સમજૂતી થવાની સાથે આત્મનિર્ભર ભારતની પહેલ હેઠળ ભારતમાં જ સિસ્ટમનું નિર્માણ થાય તે પર પણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. ઈઝરાયલ બંને દેશોની સમજૂતીને તે બાબતો સુધી લઈ જવા માંગે છે, જેમાં ભારતમાં મેન્યુફેક્ચરીંગ અને આયરન ડોમ જેવી ટેકનીક સામેલ છે. બંને દેશો સમાન પડકારોનો સામનો કરી રહ્યા છે. ઈઝરાયલ પોતાની સંરક્ષણ સિસ્ટમની ટેકનીક ભારતને શેર કરવા માટે તૈયાર છે, કારણ કે ભારત એક મજબૂત અને વિશ્વાસુ વ્યૂહાત્મક ભાગીદાર છે.'

તેમણે વધુમાં કહ્યું કે, 'વડાપ્રધાન મોદીના ઈઝરાયલ પ્રવાસ દરમિયાન આ સમજૂતીનો વિસ્તાર વધારવાની યોજના પર કામ ચાલી રહ્યું છે, જેથી કરીને બંને દેશો વચ્ચે કેટલીક મુખ્ય બાબતોમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી શકાય. આ વિશેષ બાબતોમાં ભારતમાં મેન્યુફેક્ચરીંગ, સંરક્ષણ ભાગીદારી, આયરન ડોમ તથા ઈઝરાયલની સંરક્ષણ સિસ્ટમોમાં સહયોગ સામેલ છે. ઈઝરાયલ પોતાની સંરક્ષણ ટેકનીકલ પોતાના ભાગીદારને શેર કરી શકે છે.'



## સોલર પેનલ્સની આયાત પર ૧૨૫% ડ્યુટી ઝીંકી

# ભારતીય સોલર ઈન્ડસ્ટ્રીને અમેરિકાનો મોટો ફટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૫**

અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સંબંધોમાં એક મોટો આંચકો લાગ્યો છે. અમેરિકન સરકારના કોમર્સ ડિપાર્ટમેન્ટે ભારત સહિત ત્રણ દેશોમાંથી આયાત થતા સોલર સેલ્સ અને પેનલ્સ પર અધધ ૧૨૫%થી વધુની કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદી દીધી છે.

અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટે પ્રાથમિક તપાસ બાદ આ મોટો નિર્ણય લીધો છે. અમેરિકાની સરકારનું માનવું છે કે ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસની સોલર કંપનીઓને તેમની સરકારો તરફથી મોટી સબસિડી મળી રહી છે. આ સબસિડીને કારણે આ કંપનીઓ અમેરિકામાં ખૂબ જ સસ્તા ભાવે સોલર પેનલ્સ વેચી રહી છે, જેનાથી અમેરિકાની સ્થાનિક કંપનીઓને આર્થિક નુકસાન થઈ રહ્યું છે. આ અયોગ્ય સ્પર્ધાને રોકવા માટે આ ભારે ટેક્સ લાદવામાં આવ્યો છે. આ આદેશમાં ભારત પર સૌથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

ભારતમાંથી આવતા સોલર ઉત્પાદનો પર કુલ સબસિડી રેટ ૧૨૫.૮૭% નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભારતની મુંદ્રા સોલર પર ૧૨૫.૮૭% ડ્યુટી લાગશે. આ ઉપરાંત ઈન્ડોનેશિયા માટે આ દર ૧૦૪.૩૮% અને લાઓસ માટે ૮૦.૬૭% રાખવામાં આવ્યો છે.

અમેરિકાની કંપનીઓ જેવી કે ફર્સ્ટ સોલર અને હનવા ક્યુસેલ્સે ફરિયાદ કરી હતી કે સસ્તી આયાતને કારણે તેમના અબજો ડોલરનું રોકાણ અને નોકરીઓ જોખમમાં છે. વર્ષ ૨૦૨૫માં ભારત સહિત આ ત્રણ દેશોમાંથી અમેરિકામાં આશરે ૪.૫ બિલિયન ડોલરનું સોલર ઈમ્પોર્ટ થયું હતું.

અગાઉ જ્યારે અમેરિકાએ વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દેશો પર ડ્યુટી લગાવી હતી, ત્યારે ઘણી કંપનીઓ ભારત શિફ્ટ થઈ હતી.

હવે ભારત પરના આ પ્રતિબંધોને કારણે ભારતીય સોલર એક્સપોર્ટર્સ માટે અમેરિકા જેવું મોટું માર્કેટ મોંઘું થઈ જશે. જોકે, આ નિર્ણય હજુ પ્રાથમિક છે અને અંતિમ ફેંસલો માર્ચમાં લેવામાં આવશે.

# અમેરિકાની ચીન વિરુદ્ધ મોટી કાર્યવાહી : ૧૫૦૦૦ કિ.મી. પીછો કરી ઓઈલ લઈ જતું ત્રીજું જહાજ દબોચ્યું

**જહાજ કુક આઇલેન્ડ્સના ધ્વજ હેઠળ ચાલતું હતું અને શાંઘાઈ લિજેન્ડરી શિપ મેનેજમેન્ટ કંપની લિમિટેડ સાથે જોડાયેલું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૫**

અમેરિકી સેનાએ હિંદ મહાસાગરમાં પ્રતિબંધિત તેલ ટેન્કરો વિરુદ્ધ પોતાની કાર્યવાહી તેજ કરી દીધી છે. કેરેબિયન સમુદ્રથી શરૂ થયેલો પીછો હિંદ મહાસાગર સુધી પહોંચ્યો હતો, જ્યાં 'બર્થા'નામનું ત્રીજું ટેન્કર જપ્ત કરવામાં આવ્યું છે. આ જહાજ વેનેઝુએલાથી ભારે અશુદ્ધ તેલ લઈને ચીન જઈ રહ્યું હતું અને ઈરાન સાથે જોડાયેલા અમેરિકી પ્રતિબંધોનું ઉલ્લંઘન કરી રહ્યું હતું. પેન્ટાગોને તેને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ત્રીજી સફળ જપ્તી ગણાવી છે. જે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કડક નીતિનો એક ભાગ છે.



પેન્ટાગોન અનુસાર, અમેરિકી સૈન્ય દળોએ કેરેબિયન સમુદ્રથી પીછો કર્યા બાદ હિંદ મહાસાગરમાં આ પ્રતિબંધિત ટેન્કરને પકડ્યું છે. ગયા મહિને કારાકસમાં સૈન્ય દરોડામાં વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ બાદ, વોશિંગ્ટને તે જહાજો પર નાકાબંધી અને કડકાઈ વધારી દીધી છે. જે પ્રતિબંધો હેઠળ વેનેઝુએલાથી તેલની હેરફેર કરી રહ્યા છે.

અમેરિકી સંરક્ષણ વિભાગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું કે, સુરક્ષા દળોએ રાતોરાત 'બર્થા' જહાજ પર ચઢાઈ કરી હતી. આ જહાજ કુક આઈલેન્ડ્સના ધ્વજ હેઠળ ચાલતું હતું અને શાંઘાઈ લિજેન્ડરી શિપ મેનેજમેન્ટ કંપની લિમિટેડ સાથે જોડાયેલું છે. તે જાન્યુઆરી 2020 માં લાદવામાં આવેલા પ્રતિબંધોના દાયરામાં આવે છે.

વેનેઝુએલાની સરકારી કંપની PDVSA ના રિપોર્ટ મુજબ, આ જહાજ લગભગ 19 લાખ બેરલ 'મેરેય' ભારે અશુદ્ધ તેલ ચીન લઈ જઈ રહ્યું હતું.

પેન્ટાગોને વધુમાં જણાવ્યું હતું કે, કુલ ત્રણ જહાજો ભાગી રહ્યા હતા અને હવે ત્રણેયને પકડી લેવામાં આવ્યા છે. 'બર્થા' જાન્યુઆરીની શરૂઆતમાં વેનેઝુએલાના દરિયાકાંઠેથી રવાના થયું હતું અને તે તેવા કાફલાનો ભાગ હતું જેને અમેરિકાએ લગભગ સંપૂર્ણપણે જપ્ત કરી લીધો છે.

મરીનટ્રાફિકના ડેટા મુજબ, જહાજનું અંતિમ લોકેશન 24 ફેબ્રુઆરીએ માલદીવના તટ પાસે હિંદ મહાસાગરમાં નોંધાયું હતું. પેન્ટાગોને લખ્યું કે, ઈન્ડો-પેસિફિક કમાન્ડ એ કોઈ પણ મોટી ઘટના વિના આ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ જહાજ રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા કેરેબિયન સમુદ્રમાં પ્રતિબંધિત જહાજો માટે સ્થાપિત ક્વોરેન્ટાઈનના નિયમોનું ઉલ્લંઘન કરીને બચવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

# રશિયા-યુક્રેન યુદ્ધ ખતમ કરવા યુએનમાં વોટિંગ: ભારત-અમેરિકાના વલણથી દુનિયા ચોંકી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૫**

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધને ચાર વર્ષ પૂર્ણ થવાના અવસરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA) માં એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. આ પ્રસ્તાવમાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરવામાં આવી હતી, જેને મોટાભાગના દેશોનું સમર્થન મળ્યું છે.

રશિયા દ્વારા યુક્રેન પર કરવામાં આવેલા આક્રમણની ચોથી વરસી પર સંયુક્ત રાષ્ટ્રમાં 'યુક્રેનમાં સ્થાયી શાંતિ માટે સમર્થન' શીર્ષક હેઠળ એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. ૧૯૩ સભ્યોની મહાસભામાં આ પ્રસ્તાવના પક્ષમાં ૧૦૭ દેશોએ મતદાન કર્યું હતું, જ્યારે ૧૨ દેશોએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. આ પ્રસ્તાવમાં રશિયા અને યુક્રેન વચ્ચે તાત્કાલિક, પૂર્ણ અને બિનશરતી યુદ્ધવિરામની માંગ કરવામાં આવી હતી. ભારતે આ વખતે પણ રશિયા-યુક્રેન વિવાદમાં પોતાનું તટસ્થ વલણ જાળવી રાખ્યું છે. ભારતે આ પ્રસ્તાવ પરના મતદાનમાં હિસ્સો લીધો નહોતો. ભારત ઉપરાંત અમેરિકા, ચીન, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા અને યુએઈ જેવા કુલ ૫૧ દેશોએ આ મતદાન પ્રક્રિયાથી અંતર રાખ્યું હતું. ભારતનું માનવું છે કે કોઈપણ વિવાદનો ઉકેલ યુદ્ધના મેદાનમાં નહીં પરંતુ સંવાદ અને કૂટનીતિ દ્વારા જ શક્ય છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદિમીર ઝેલેન્સ્કીએ પ્રસ્તાવનું સમર્થન કરનાર તમામ ૧૦૭ દેશોનો આભાર માનતા જણાવ્યું હતું કે, આ શાંતિ અને નાગરિકોની સુરક્ષા માટેનું મહત્વનું પગલું છે. બીજી તરફ, યુએઈના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે આ યુદ્ધને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન અને માનવતા પર કલંક ગણાવ્યું હતું. તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે ૨૦૨૫ માં યુક્રેનમાં સૌથી વધુ નાગરિકોના મોત થયા છે, જે અત્યંત અસ્વીકાર્ય છે.




# અમિતાભ બચ્ચને 'કલ્કી ૨'નું શૂટિંગ શરૂ કર્યુ




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**

દર રવિવારે અમિતાભ બચ્ચનના મુંબઈ નિવાસસ્થાન જલસાની બહાર ફેન્સની ભીડ એકઠી થાય છે. બિગ બી બધાને મળે છે અને શુભેચ્છા પાઠવે છે. જોકે, ગયા રવિવારે આ પરંપરા તૂટી ગઈ હતી, કારણ કે અમિતાભ બચ્ચન કામ માટે મુંબઈમાં નહીં, પણ હૈદરાબાદમાં હતા. તેઓ ફિલ્મ 'કલ્કી ૨' ના શૂટિંગ માટે ત્યાં હતા. તેમણે તેમના તાજેતરના બ્લોગમાં આ વાતનો ખુલાસો કર્યો હતો. અમિતાભ બચ્ચન નિયમિતપણે બ્લોગ લખે છે. તેમના તાજેતરના બ્લોગમાં તેમણે ઉલ્લેખ કર્યો છે કે તેમની ગેરહાજરી છતાં લોકો રવિવારે જલસાની બહાર આવ્યા હતા. શહેનશાહે તેમને પહેલેથી જ જાણ કરી દીધી હતી કે તેઓ આ રવિવારે હાજર નહીં રહે તેમ છતાં લોકો ભેગા થયા હતા.



અમિતાભ બચ્ચને કેટલાક ફોટા શેર કર્યા અને લખ્યું, "મેં તેમને કહ્યું હતું કે હું આ રવિવારે નહીં આવી શકું, કારણ કે હું હૈદરાબાદમાં શૂટિંગ કરી રહ્યો છું. તેમ છતાં આવ્યા." આ વાતની પુષ્ટિ કરવા માટે. અમિતાભ બચ્ચને કેટલાક ફોટા શેર કર્યા. જલસાની બહાર એક સુંદર ગલુડિયું પણ જોવા મળ્યું. બિગ બીએ લખ્યું, "આ ક્યૂટ ફેલો પણ પહોંચ્યું હતું. પણ, માફ કરશો. પહેલા કામ કરો, પછી આરામ."

અમિતાભ બચ્ચને ફિલ્મના સેટ પરથી પણ કેટલાક ફોટા શેર કર્યા હતા. આ ફોટામાં તેઓ કમલ હાસન સાથે જોવા મળી રહ્યા છે. બિગ બી ઘણા સમય પછી કમલ હાસન સાથે કામ કરીને ખૂબ ખુશ છે. તેમણે સેટ પર કમલ હાસનને ગળે લગાવ્યા.

કમલ હાસનને મળ્યાનો આનંદ શેર કરતા અમિતાભ બચ્ચને લખ્યું, "અને મહાન કમલ હાસનને મળ્યો, અમે ઘણા સમય પછી સાથે કામ કરીશું. છેલ્લી વખત અમે 'ગિરફતાર' માં સાથે કામ કર્યું હતું." અમિતાભ બચ્ચને ફિલ્મના સેટ પરથી તેમના લુકના ફોટો પણ શેર કર્યા. તે 'અશ્વત્થામા' ની ભૂમિકા ભજવતા જોવા મળશે.

અમિતાભ બચ્ચને આગળ લખ્યું, "મેં ફિલ્મ 'કલ્કી ૨' નું શૂટિંગ શરૂ કરી દીધું છે. રવિવારે મને જે હાજરીની અપેક્ષા હતી તેનો પ્રેમ અને સ્નેહ હું હંમેશા જાળવી રાખીશ, પરંતુ મને આશા છે કે આ આવતા રવિવારે હું બધા સાથે હાજર રહીશ." તમને જણાવી દઈએ કે, 'કલ્કી ૨' એ 'કલ્કી ૨૮૯૮ એડી' ની સિક્વલ છે જે ૨૦૨૪માં રિલીઝ થઈ હતી. તે બ્લોકબસ્ટર રહી હતી. ત્યારથી, ફેન્સ તેની સિક્વલની રાહ જોઈ રહ્યા હતા. તમને જણાવી દઈએ કે, 'કલ્કી ૨૮૯૮ એડી' માં પ્રભાસ, અમિતાભ બચ્ચન, દીપિકા પાદુકોણ, કમલ હાસન અને દિશા પટણી જેવા સ્ટાર્સ જોવા મળ્યા હતા.

# પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લેવા પહોંચી પૂનમ પાંડે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**

મોડલ અને અભિનેત્રી પૂનમ પાંડેનું નામ વિવાદમાં ઉછળતું રહે છે. તે ક્યારેક પોતાના મોતની અફવા ઉડાવી દે છે તો ક્યારેક કોઈ ક્રિકેટર પર નિવેદન આપી વિવાદ વકરાવે છે. પરંતુ આ વખતે તેનું અલગ રૂપ જોવા મળ્યું, હોળી પહેલા પૂનમ પાંડે વૃંદાવનમાં કૃષ્ણ ભક્તિમાં લીન દેખાઈ. તેને પ્રેમાનંદ મહારાજના સત્સંગનો લાભ લઈ આશીર્વાદ લીધા. પૂનમ પાંડે ચાહકોને સરપ્રાઈઝ આપવાનો કોઈ મોકો છોડતી નથી. આ વખતે તે પોતાની ધાર્મિક યાત્રા માટે વૃંદાવન પહોંચી ગઈ. સોશિયલ મીડિયામાં તેની ઘણી તસવીરો અને વીડિયો વાઈરલ થઈ રહ્યા છે. એક ફોટોમાં તે પ્રેમાનંદ મહારાજનો સત્સંગ સાંભળતી દેખાઈ આવે છે. તે દરમિયાન તેના હાવભાવ ભાવુક હતા અને રડી પડી હતી.

પૂનમ પાંડે પ્રેમાનંદ મહારાજને મળી તેમના આશીર્વાદ લીધા હતા. જે બાદ તેને બાંકે બિહારીના દર્શન કર્યા હતા. ત્યાં પણ મંદિરની અંદર પ્રવેશ કરતાં જ તે ભાવુક થઈ ગઈ અને બાંકે બિહારીના દરબારમાં હાથ જોડીને માનતા માંગતી દેખાઈ. આ વીડિયો અને ફોટો વાઈરલ થતાં એવી ચર્ચાઓ થઈ રહી છે કે પૂનમ પાંડે ઘણા સમયથી દર્દમાં હતી. જે વૃંદાવન પહોંચતા જ ખતમ થઈ ગયું.

પ્રેમાનંદ મહારાજનો સત્સંગ અને બાંકે બિહારીના દર્શન બાદ તેના મોઢા પર શાંતિ દેખાતી હતી. તેને વૃંદાવનમાં ઈ રિક્શા પકડી ત્યાંની સંસ્કૃતિને નજીકથી માણી, પૂનમ પાંડેની આ વૃંદાવન યાત્રા જોઈ ઘણા ચાહકો અને લોકો હેરાન છે.

એક ચાહકે લખ્યું કે, સલવાર-સૂટ અને મેકઅપ વગર કેટલી સુંદર લાગી રહી છે. બીજાએ લખ્યું કે, 'સો ચૂહે ખાકર બિલ્લી હજ પે ચલી', તો કોઈએ કહ્યું કે, ભક્તિ વસ્તુ જ એવી છે કે ભલભલાને બદલી નાખે. હવે જોઈ રહ્યું કે વૃંદાવનથી પરત ફર્યા બાદ પૂનમ પાંડેની જિંદગીમાં કેટલો બદલાવ આવે છે.

## રણવીર સિંહને હાઈકોર્ટની ફટકાર

# સુપરસ્ટાર માટે કાયદા અલગ નથી, બોલતા પહેલા વિચારવું જોઈએ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**

કાંતારા ફિલ્મના પાત્રો પર કમેન્ટ અને મિમિક્રીને લઈને બૉલીવુડનો અભિનેતા રણવીર સિંહ ફસાઈ ગયો છે. કન્નડ ફિલ્મ કાંતારાના એક સીન પર રણવીર સિંહે કમેન્ટ અને મિમિક્રી કરી હતી, જેના પર કર્ણાટક હાઈકોર્ટે ફટકાર લગાવી છે. હાઈકોર્ટે રણવીરસિંહને લાપરવાહ બતાવી કહ્યું કે, 'અભિનેતા કે સુપર સ્ટાર કાયદાની ઉપર કોઈ નથી. તમે રણવીરસિંહ હોવ કે કોઈ બીજા. તમે બિલકુલ ઢીલે ઢાલે ન થઈ શકો. તમે એક અભિનેતા છો તમારી ઘણા લોકો પર અસર છે. તમારે જવાબદાર બનવું પડશે.'

આ વિવાદ નવેમ્બર 2025 માં ગોવા ખાતે યોજાયેલા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (IFFI) દરમિયાન સર્જાયો હતો. આક્ષેપ છે કે રણવીર સિંહે મંચ પર 'પંજુરલી' અને 'ગુલિગા' દૈવા (જે ફિલ્મ 'કાંતારા' દ્વારા પ્રખ્યાત થયા છે)ના પવિત્ર હાવભાવની હાંસી ઉડાવી હતી. વધુમાં, તેમણે ચામુંડી દેવતાને 'મહિલા ભૂત' તરીકે સંબોધ્યા હતા, જ્યારે તે કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં દિવ્ય સ્ત્રી શક્તિ અને રક્ષક દેવી તરીકે પૂજાય છે. હિન્દુ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચતા તેમની સામે ફરિયાદ દાખલ થઈ હતી.જે તે વખતે રણવીર સિંહે સોશિયલ મીડિયા પર માફી માંગતા સ્પષ્ટતા કરી હતી કે તેમનો ઈરાદો માત્ર ઋષભ શેટ્ટીના અભિનયની પ્રશંસા કરવાનો હતો અને તેઓ દરેક સંસ્કૃતિનું સન્માન કરે છે.

જોકે, કોર્ટે આ મામલે ગંભીરતા દાખવી છે. રણવીરસિંહની અરજી પર સીનિયર એડવોકેટે દલીલો કરી હતી. જે બાદ કોર્ટે રણવીરસિંહને તપાસમાં સહયોગ કરવાનો નિર્દેશ કર્યો હતો. કોર્ટે સ્પષ્ટ કહ્યું હતું કે, રણવીરસિંહ હોય કે કોઈ પણ, લાપરવાહી બિલકુલ ન હોઈ શકે, તમે કોઈ દેવી દેવતાને ભૂત ન કહી શકો, બોલતા પહેલા તમારે રિસર્ચ કરવું જોઈતું હતું.

રણવીરસિંહની FIR થયા બાદ હાઈકોર્ટેનો દરવાજો ખટખટાવ્યો હતો. રણવીર સિંહે કર્ણાટક હાઈકોર્ટમાં અરજી દાખલ કરી રાહતની માગ સાથે FIR રદ કરવાની અરજ કરી છે. અને કહ્યું છે કે, તેમનો ઈરાદો કોઈને ઠેસ પહોંચાડવાનો ન હતો. તેમને ફિલ્મના વખાણ કર્યા હતા.

અનેક દલીલો બાદ જજે વચગાળાનો આદેશ કર્યો, કોર્ટે નોટ કર્યું કે, રણવીરસિંહે ચામુંડી દેવતા પર કમેન્ટ કરી હતી તે બાદ માફી પણ માગી હતી. હાલ કોર્ટે 2 માર્ચ સુધી રાજ્ય કોઈ જબરદસ્તીભર્યું પગલું ન લે તેવો નિર્દેશ કર્યો છે તેમજ સોમવારે સુનાવણી થાય ત્યાં સુધી રણવીરસિંહને સહયોગ કરવાનું કહ્યું છે.

## અક્ષયે સોશિયલ મીડિયા પર બાબા અવતારમાં પોસ્ટર લોંચ કર્યું


# અક્ષયના 'ભૂતબંગલા' અવતારે ભૂલ ભૂલૈયાની યાદ અપાવી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૫**

અક્ષય કુમાર અને પ્રિયદર્શન ૧૬ વર્ષ પછી 'ભૂત બંગલા'માં સાથે કામ કરી રહ્યા છે. એટલે તેમની ફિલ્મ વિશે લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે, દર્શકોમાં પણ આ ફિલ્મ માટે ઘણી ઉત્સુકતા છે. ત્યારે હવે આ ફિલ્મનું અક્ષય કુમારનું મોશન પોસ્ટર લોંચ કરવામાં આવ્યું છે. જોકે, દર્શકોને આ પોસ્ટરમાં મજા આવવાની કે ઉત્સુકતાને બદલે તેમને આ પોસ્ટર જોઈને ભુલભુલૈયાની યાદ આવી ગઈ છે.

મંગળવારે અક્ષય કુમારે ભૂત બંગલાનું મોશન પોસ્ટર શેર કર્યું હતું, જેમાં તે એક સિંહાસન પર બેસેલો છે, તેણે ધોતી પહેરી છે, હાથમાં રુદ્રાક્ષની માળા છે અને બીજો હાથ સિંહાસનના હાથા પર છે, સાથે તેણે ચશ્મા પહેર્યા છે, જેનાથી તેનો સ્વેગ દેખાય છે. તેના સિંહાસન પર રાક્ષસી ચહેરાઓ કોતરેલા છે, જે પોસ્ટર સાથે લાંબા રાક્ષસી દાંતવાળાં મોં ખોલે છે અને બંધ કરે છે. આ પોસ્ટર શેર કરતા અક્ષયે કેપ્શનમાં લખ્યું હતું, "દસ કો દેંગે દસ્તક, ઈન્તઝાર કરો તબ તક. મજા શરૂ થવા દઈએ!

ભૂત બંગલા સિનેમાઘરોમાં" આ પોસ્ટર લોંચ થતાં જ અક્ષય કુમારના ફેન્સની કમેન્ટ્સ અને પ્રસિતાદ આવવાના શરૂ થઈ ગયા છે. એક કમેન્ટમાં લખ્યું હતું, "આ અમીરોની ભૂલભુલૈયા લાગે છે." તો બીજાએ લખ્યું, "ભૂલ ભુલૈયા ઉકેલાઈ ગઈ લાગે છે." તો વધુ એક વ્યક્તિએ લખ્યું, "આ પોસ્ટર જોઈને ભૂલ ભુલૈયા કેમ યાદ આવે છે." તો કોઈએ કહ્યું, "ખરી ભૂલ ભુલૈયા ૨." તો એક વ્યક્તિએ તો એમ પણ લખ્યું, "અક્ષય કુમાર ફરી એક વખત તેના ધ ઓજી પ્રિયદર્શન સાથે ફરી એક વખત જોવા મળશે. મને ફરી ૨૦૦૦ના સમયમાં લઈ ગયું, જ્યારે આ જોડીએ એક પછી એક સફળ ફિલ્મો આપી હતી." પ્રિયદર્શનની ભૂત બંગલાને અક્ષય પ્રોડ્યુસ કરી રહ્યો છે, તેની સાથે એકતા કપૂર અને શોભા કપૂર પણ જોડાયા છે. તેમાં અક્ષય લીડ રોલમાં છે અને તેની સાથે પરેશ રાવલ, વામિકા ગબ્બી, તબ્બુ અને રાજપાલ યાદવ મહત્વના રોલમાં જોવા મળશે. આ ઉપરાંત અક્ષય અને પ્રિયદર્શનની હૈવાનનું કામ પણ ચાલુ છે, જેમાં તેની સાથે સૈફ અલી ખાન પણ છે, આ ઉપરાંત તેઓ પરેશ રાવલ અને સુનિલ શેટ્ટી સાથે હેરાફેરી ૩ પર પણ કામ કરી રહ્યા છે, આમ આ જોડી મોટા પડદે એક પછી એક ફિલ્મ સાથે આવશે.



# વલસાડ આરટીઓની એલઈડી હેવી લાઈટ વાહનો સામે લાલ આંખઃ ૫૭૪ વાહનો વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૫

વલસાડ જિલ્લા આર.ટી.ઓ. કચેરી દ્વારા એલ.ઈ.ડી. હેવી લાઈટ વાપરનારા વાહનો વિરૂધ્ધ સખ્ત કાર્યવાહી હાથ ધરી છે. ઠેર ઠેર ચેકિંગ કરીને જિલ્લાના ૫૭૪ જેટલા વાહન ચાલકો વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી કરી છે.

રાત્રિ સમયે સિટી કે હાઈવે ઉપર વાહન ચલાવતી વખતે સામે આવતા વાહનની હેવી એલ.ઈ.ડી. હેડલાઈટનો ચમકતો ઝગમગાટ ધરાવતો પ્રકાશ વાહન ચાલક ઉપર પડે ત્યારે આંખો અંજાઈ જતી હોય છે. પરિણામે ઠેર ઠેર અકસ્માત સર્જાઈ રહ્યા હતા ત્યારે ગુજરાત સરકાર વાહન કમિશ્નર દ્વારા દરેક આર.ટી.ઓ કચેરીમાં પરિપત્ર પાઠવીને હેવી એલ.ઈ.ડી. લાઈટ ધરાવતા વાહનો સામે કાયદેસરની કાર્યવાહી કરવી તેવી સુચના બાદ વલસાડ આર.ટી.ઓ. એકશનમાં આવી ગઈ હતી. લાલ આંખ કરીને ઠેર ઠેર વિવિધ પોઈન્ટ ઉપર રાત્રિ દરમિયાન પોલીસ અને આર.ટી.ઓ. ટીમોએ ચેકિંગની કાર્યવાહી સતત ચાલું કરી દીધી હતી. આ કાર્યવાહીમાં તા.૧૫ ફેબ્રુઆરી સુધીમાં ૫૭૪ જેટલા વાહન ચાલકો વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી કરી મેમા પકડાવાયા હતા. હેવી એલ.ઈ.ડી. લાઈટ વાળા વાહન ચાલકોમાં વ્યાપક ફફડાટ પ્રસરી જતા રોડ ઉપર તેનો અમલ જોવા મળી રહ્યો છે.

# હોળી-ધુળેટી પર્વને લઈ વાપી રેલવે સ્ટેશને વતનમાં જતા મુસાફરોની બે સુમાર ભીડઃ દરેક ટ્રેન ચિક્કાર

**વાપી સ્ટેશન માટે પરપ્રાંતમાં જવાની અપર્યાપ્ત ટ્રેન સુવિધા હોવાથી દરેક તહેવારોમાં ભીડની કારમી સમસ્યા સર્જાતી રહે છે**




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૫

અગામી તા.૩ અને ૪ માર્ચના રોજ હોળી-ધુળેટીનું પર્વ હોવાથી વાપીમાં વસતા પરપ્રાંતિજ્ઞ મુસાફરો વતનમાં જવા માટે હજારોની સંખ્યામાં વાપી રેલવે સ્ટેશનને દિવસ રાત ઉમટી રહ્યા છે. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહાર જતી ટ્રેનો ચિક્કાર થઈ રહી છે. પ્લેટફોર્મ ઉપર પગ રાખવાની જગ્યાના ના મળે તેવી બેસુમાર ભીડ સ્ટેશન ઉપર આજકાલ જોવા મળી રહી છે.

વાપી શહેર મેટ્રોપીલીટીન સીટી છે. અહીં દરેક પ્રાંત રાજ્યના લોકો નોકરી ધંધા માટે સ્થાયી થયા છે. તેવા લોકો તહેવારો કરવા માટે માદરે વતન જવાની પરંપરા ચાલતી રહી છે. તે અનુસાર આગામી માર્ચ તા.૩ અને ૪ના રોજ હોળી ધુળેટી પરપ્રાંતમાં જવા માટે અપર્યાપ્ત ટ્રેનો હોવાથી દરેક તહેવારોમાં ભીડ થતી જોવા મળે છે. પ્લેટફોર્મ ઉપર પગ મુકવાની જગ્યા મળતી નથી. રિઝર્વેશન એડવાન્સમાં પેક થઈ જતા હોવાથી વતનમાં પહોંચવાની પરપ્રાંતિ મુસાફરો મહામારીનો ભોગ બની રહ્યા છે.

આજકાલ વાપી સ્ટેશન ઉપર ભીડનો નજારો આમ બની ચૂક્યો છે. સહપરિવાર નિકળતા કેટલાક પરિવારોની સ્થિતિ તો દયનીય બની જતી હોય છે પરંતુ લાચારી વશ તેવા મુસાફરો કોઈપણ સંજોગોમાં વતન પહોંચવા લાચાર બની ગયા છે.

# વાપી કેબીસ એન્ડ નટરાજ કોલેજમાં વાર્ષિકોત્સવની ઉત્સાહ અને ઉમંગ સાથે કરાયેલી ઉજવણી






(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૫

વાપી ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ વાપીના પ્રાંગણમાં કોલેજના ૨૫માં વાર્ષિક દિવસની ભવ્ય ઉજવણી મહાનુભાવો, ફેકલ્ટી સભ્યો, વિદ્યાર્થીઓ અને વાલીઓની હાજરીમાં ખૂબ જ ઉત્સાહ અને ઉમંગ સાથે યોજાઈ હતી.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન (વીઆઈએ)ના પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલે દીપપ્રાગટ્ય કરીને શરૂઆત કરી હતી, ત્યારબાદ મુખ્ય મહેમાનનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન શ્રી એ.કે.શાહ તથા ટ્રસ્ટીશ્રીઓ શ્રી રમેશભાઈ શાહ, શ્રીમતી હસુમતીબેન શાહ, શ્રીમતી ભારતીબેન સુમરીયા હાજર રહ્યા હતા. શ્રી સતિષભાઈ પટેલે તેમના પ્રેરણાદાયી સંબોધનમાં, મેનેજમેન્ટ, આચાર્ય, સ્ટાફ અને વિદ્યાર્થીઓને તેમની નોંધપાત્ર સિદ્ધિઓ બદલ અભિનંદન આપ્યા. તેમણે ગુણવત્તાયુક્ત શિક્ષણ, કૌશલ્ય વિકાસ, શિસ્ત અને એકંદર વ્યક્તિત્વ વિકાસના મહત્વ પર ભાર મૂક્યો.

ટ્રસ્ટના અધ્યક્ષે તેમના પ્રમુખપદના ભાષણમાં, શિક્ષણ અને સર્વાંગી વિકાસમાં શ્રેષ્ઠતા પ્રત્યે સંસ્થાની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો. કોલેજના આચાર્યએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો, જેમાં શૈક્ષણિક વર્ષ દરમિયાન સંસ્થાની સિદ્ધિઓની વિગતો આપવામાં આવી. અહેવાલમાં શૈક્ષણિક પરિણામો, રમતગમતની સિદ્ધિઓ, એનએસએસ પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સેલ્ફ હેલ્પ ફોરમ એકમ હેઠળ હાથ ધરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આચાર્યએ પીએચ.ડી. ડિગ્રી મેળવનારા ફેકલ્ટી સભ્યોનો પણ ગર્વથી ઉલ્લેખ કર્યો અને તેમના શૈક્ષણિક યોગદાનની પ્રશંસા કરી.સાંસ્કૃતિક કાર્યક્રમે ઉજવણીમાં જીવંત રંગો ઉમેર્યા. વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક નૃત્યો, પરંપરાગત ગરબા અને અન્ય મનોરંજક પ્રવૃત્તિઓ સહિત વિવિધ પ્રદર્શન દ્વારા તેમની પ્રતિભા દર્શાવી, જેની પ્રેક્ષકો દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી.

આ પ્રસંગે, ઉત્કૃષ્ઠ વિદ્યાર્થીઓને ટ્રોફી અને પુરસ્કારો આપવામાં આવ્યા, જેમાં કોલેજનો શ્રેષ્ઠ વિદ્યાર્થી ઝા સત્યમ સુભાષચંદ્ર (એસ.વાય.બી.કોમ.), કોલેજની શ્રેષ્ઠ વિદ્યાર્થિની પ્રતિક્ષા તાયડે (એસ.વાય.બી.કોમ.), શ્રેષ્ઠ વક્તા ચૌધરી વંશ (ટી.વાય.બી.કોમ.), શ્રેષ્ઠ સાંસ્કૃતિક વિદ્યાર્થી ફર્નાન્ડીસ સેલ્ડોન (ટી.વાય.બી.કોમ.), શ્રેષ્ઠ સાંસ્કૃતિક વિદ્યાર્થિની હેતવી પટેલ (ટી.વાય.બી.કોમ.); શ્રેષ્ઠ રમતગમત વિદ્યાર્થી દિવાકર અનુજ (ટી.વાય.બી.કોમ.) તેમજ શ્રેષ્ઠ રમતગમત વિદ્યાર્થિની ચૌરસિયા સોનલ (એમ.કોમ.પાર્ટ-૧) ને પુરસ્કારિત કરી બહુમાન કરવામાં આવ્યા હતા.

વાર્ષિક દિવસ આનંદપૂર્વક પૂર્ણ થયો, જેમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફની સિદ્ધિઓની ઉજવણી કરવામાં આવી અને શૈક્ષણિક શ્રેષ્ઠતા અને એકંદર વિકાસ પ્રત્યે સંસ્થાના સમર્પણને મજબૂત બનાવવામાં આવતા કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી.ચૌહાણે દરેકનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રમઝાન અને ધૂળેટીના તહેવારને લઈ પારડી પોલીસ સ્ટેશન ખાતે મળી શાંતિ સમિતિની બેઠક



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૫

પારડી પોલીસ સ્ટેશનના પી.આઈ જી.આર.ગઢવીના અધ્યક્ષ સ્થાને પારડી પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી હતી.

આ બેઠકમાં હિન્દુ મુસ્લિમ સમાજના અગ્રણીઓ શ્રી અનવરભાઈ મણિયાર, શ્રી નાસીરભાઈ શેખ સાથે અન્ય અગ્રણીઓ તથા હિન્દુ અગ્રણી શ્રી બીપીનભાઈ પટેલ, શ્રી કપિલભાઈ હળપતિ, શ્રી કિરણભાઈ પટેલ, શ્રી જીગ્નેશભાઈ રાણા ઉપસ્થિત રહ્યા હતા અને આગામી દિવસોમાં આવી રહેલ ધૂળેટી તથા હાલમાં ચાલી રહેલ રમઝાન મહિનાના તહેવાર સુલેહ અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય એ રીતના સૂચનો પારડી પોલીસ દ્વારા આપવામાં આવ્યા હતા.

પારડી શહેર કોંગ્રેસ સમિતિના નવનિયુક્ત પ્રમુખ શ્રી કપિલભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, પારડીમાં વર્ષોની પરંપરા મુજબ સુલેહ અને સુમેળ ભર્યા વાતાવરણમાં ભાઈચારાની ભાવનાથી દરેક ધર્મના લોકો, દરેક ધર્મના તહેવારો હળીમળીને ઉજ્વતા આવ્યા છે અને એ પરંપરા હંમેશા જળવાય રહેશેની ખાતરી આપી હતી. ઉપસ્થિત દરેક પ્રબુધ્ધ નાગરિકોએ પણ શ્રી કપિલભાઈની વાતને સમર્થન આપ્યું હતું.

# મદદના બહાને લાખો રૂપિયાનો ચૂનો લગાવી પારડીનો યુવાન ફરાર



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૫

પારડી દમણીઝાંપા કાછિયા ફળિયા ખાતે રહેતા હુસેન યુસુફભાઈ પારડીવાલાએ ગત મે-૨૦૨૫માં પારડી કંસારવાડ ખાતે રહેતી પોતાના મિત્રની માતા તસ્લીમ મુસ્તફા બોહરા પાસે પોતાને પૈસાની ખૂબ જ જરૂર હોય ૭૦,૦૦૦ની માંગણી કરી હતી. તસ્લીમ બહેને બંને એક જ સમાજના હોય અને પોતાના પુત્રનો મિત્ર પણ હોય દયા રાખી ૭૦૦૦૦ રૂપિયા રોકડા ન હોય પોતાની સોનાની બંગડી આપી સમાજમાં ગીરવે મૂકી પૈસા લઈ લેજે હોવાનું જણાવી હુસેન યુસુફભાઈ પારડીવાલાને પોતાની સોનાની બંગડીઓ આપી હતી.

સમય મર્યાદા પૂર્ણ થતા તસ્લીમબેને પોતાની બંગડી પરત માંગતા બહાનું બતાવી બંગડીઓ પરત આપી ન હતી અને આવી રીતે જ સમાજના અન્ય લોકો પાસેથી ઘણી જગ્યાએ પણ પૈસાની માંગણી કરી લાખો રૂપિયાનો ચૂનો લગાવી પારડી ગામ છોડી ફરાર થઈ ગયો હતો. તસ્લીમ બહેને હુસૈનના પિતા યુસુફભાઈ તથા માતા રસીદાબેન પાસે પોતાની બંગડીઓ પરત માંગતા યુસુફભાઈ તથા રસિતાબેને તસ્લીમ બેનને ધમકીઓ આપી, થાય તે કરી લેજે હોવાનું જણાવી જાનથી મારી નાંખવાની ધમકી આપતા તસ્લીમ બેહેને પારડી પોલીસ સ્ટેશન ખાતે આ અંગેની ફરિયાદ નોંધાવતા પારડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

હુસેન પારડીવાલા તસ્લીમબેન સહિત વોહરા સમાજમાં અન્ય ઘણી બહેનો સાથે પોતાને પૈસાની જરૂર હોય ટૂંક જ સમયમાં પાછા આપી દઈશ હોવાનું જણાવી ચીટીંગ કરી લાખો રૂપિયા ઉઘરાવી પારડી ગામ છોડી ભાગી ગયો હોવાનું બહાર આવ્યું છે.

# રાજૂલા ખાતે જળ સંરક્ષણના સંકલ્પ સાથે ભવ્ય 'જળ સંમેલન યોજાશે'

**કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલની પ્રેરક ઉપસ્થિતિ રહેશે**

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૫

અમરેલી જિલ્લાના રાજૂલા ખાતે આગામી તારીખ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬, શનિવારના રોજ શ્રી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ રાજકોટ અને શ્રી રાજૂલા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળી-રાજૂલાના સંયુક્ત ઉપક્રમે એક વિશાળ 'જળ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. જન ભાગીદારીથી જળ સંચયના ઉમદા વિચારધારા સાથે યોજાનારા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નવા ચેકડેમ બનાવવા, બોર રિચાર્જ કરવા અને તળાવો ઊંડા કરી જળ સ્તર ઊંચા લાવવાનો દ્રઢ સંકલ્પ છે. આ ભવ્ય જળ સંમેલન રાજૂલાના માર્કેટિંગ યાર્ડ ખાતે સાંજે ૦૪:૦૦ કલાકે યોજાશે, જેમાં કેન્દ્રીય કેબિનેટ જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરૂં પાડશે.

આ કાર્યક્રમમાં રાજ્યના ઊર્જા મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયા અને પ્રદેશ મહામંત્રી તથા ધારાસભ્ય શ્રી અનિરૂદ્ધભાઈ દવે વિશેષ ઉપસ્થિત રહેશે.જ્યારે ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપભાઈ સંઘાણી અને અમરેલીના સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં આ જળ અભિયાનને વેગ અપાશે. આ ઉપરાંત જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી, શ્રી જે.વી.કાકડીયા, શ્રી મહેશભાઈ કસવાળા અને શ્રી જનકભાઈ તળાવીયા જેવા મહાનુભાવો આમંત્રિત મહેમાન તરીકે હાજરી આપશે.

વહીવટી તંત્ર તરફથી અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરીમલ પંડ્યા પણ ઉપસ્થિત રહી જળ સંચયની કામગીરીમાં સહભાગી થશે. કાર્યક્રમના અંતે લોકસાહિત્ય અને સંસ્કૃતિના સંગમ સમાન લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા કલાકારો રાજભા ગઢવી, શ્રી મયુરભાઈ દવે અને શ્રી પોપટભાઈ માલધારી પોતાની પ્રસ્તુતિ આપશે.

આ સમગ્ર કાર્યક્રમના શુભેચ્છક તરીકે શ્રી અંબરીષ જે. ડેર તથા માર્કેટિંગ યાર્ડ પરિવાર-રાજૂલા દ્વારા સર્વે ભાવિકો અને ખેડૂત મિત્રોને ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ તમામ આમંત્રિતો માટે ભોજન પ્રસાદની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે, જે સામાજિક એક્તા અને જળ સેવાના સંકલ્પને વધુ મજબુત બનાવશે.

# પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે કપિલકુમાર કાંતિભાઈ હળપતિની વરણી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા દ્વારા વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ શ્રી કિશનભાઇ પટેલ તરફથી મળેલ દરખાસ્તને લઈ પારડી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે શ્રી કપિલકુમાર કાંતિભાઈ હળપતિની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકને લઈ સમગ્ર પારડી શહેરમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

શ્રી કપિલ કુમાર છેલ્લા ઘણા સમયથી પારડી શહેર કોંગ્રેસ સમિતિ મહામંત્રી તરીકે સેવા આપી રહ્યા હતા. મહામંત્રી તરીકેની જવાબદારી દરમિયાન તેઓએ પક્ષને વફાદાર રહી પારડી નગરમાં સારી કામગીરીને લઈ પોતાની પત્ની શ્રીમતિ વનિતાબેનને પણ પારડી નગરપાલિકામાં સદસ્ય તરીકેની જીત મેળવવામાં સફળ રહ્યા હતા. તેઓ પારડી તાલુકાના હળપતિ સમાજના પ્રમુખ તરીકે પણ સેવા આપી રહ્યા હોય સમાજમાં આગવું સ્થાન ધરાવે છે.

તેઓની પારડી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે વરણી થતાં વરણીના સમાચારને લઈ કોંગ્રેસી બંધુઓ તથા પારડી નગરના લોકોએ તેમના ઘરે જઈ અભિનંદન પાઠવ્યા હતા. તેઓ પારડી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પક્ષની વિચારધારા અને કાર્યક્રમોને નગરજનો સુધી પહોંચાડી કોંગ્રેસને પોતાની સક્રિયતા અને નેતૃત્વની ક્ષમતાને લઇ કોંગ્રેસને મજબૂત કરવાની કામગીરી નિભાવશે.

# પારડીમાં ૨૦ વર્ષીય યુવતીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી,તા.૨૫

પારડી નૂતન નગર ખાતે રહેતી રિયાકુમારી સતિષભાઈ હળપતિ (ઉંમર વર્ષ ૨૦)નાઓએ તારીખ ૨૫/૨/૨૦૨૬ના રોજ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ પોતાનું જીવન ટુંકાવ્યુ. ઘટનાની જાણ થતા તેમની બહેન રાજેશ્વરી તથા બાજુમાં રહેતા દેવલભાઈ વિગેરેનાઓએ રિયાને નીચે ઉતારી સારવાર માટે મોહન દયાળ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરે રિયાને મૃત જાહેર કરી હતી. આ અંગેની જાહેરાત તેમના પિતા સતિષભાઈએ પારડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવતા લાશને પીએમ માટે મોકલી પારડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલીમાં ટ્રક, ટ્રેક્ટર અને બાઈક વચ્ચે ટ્રિપલ અકસ્માત

(સંપૂર્ણ સમાચાર સેવા)
જૂનાગઢ,તા.૨૫

જૂનાગઢ જિલ્લાના વંથલી નજીક આજે એક ગમખ્વાર ટ્રિપલ અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. વંથલી પાસે આવેલા ગુરૂકુળ નજીક ટ્રક, બાઈક અને ટ્રેક્ટર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૪ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, વંથલી હાઈવે પર આવેલા ગુરૂકુળ પાસે એક પૂરપાટ ઝડપે આવતી ટ્રકે બાઈક અને ટ્રેક્ટરને અડફેટે લીધા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે વાહનોનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. અકસ્માતને પગલે હાઈવે પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અકસ્માતમાં ઘવાયેલા ૪ વ્યક્તિઓને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ વંથલી પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે અને ટ્રાફિક હળવો કરવાની કામગીરી શરૂ કરી છે.

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ

**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

દીવ જિલ્લામાં પાણી પુરવઠાની જાળવણી અને સમારકામ માટે માનવબળની તૈનાત (4th Call)

For details please scan

https://ddtenders.gov.in

eepwd-diu-dd@nic.in

02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : | 36/2025-2026 (2026_DIUDT_4634_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | : | -- |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 05/03/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 05/03/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 05/03/2026 |

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**

No. IP/DMN/2/5/2025-26/1198, Dated: 25/02/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ

**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

હોસ્પિટલ, દીવ બાયો મેડિકલ વેસ્ટ રૂમ, વિવિધ શેડ, પેઇન્ટિંગ, ફર્નિશિંગ, પ્લમ્બિંગ અને અન્ય સંલગ્ન કામોનું બાંધકામ. (2nd Call)

For details please scan

https://ddtenders.gov.in

eepwd-diu-dd@nic.in

02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : | 36/2025-2026 (2026_DIUDT_4633_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | : | -- |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 05/03/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 05/03/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 05/03/2026 |

**કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.**

No. IP/DMN/2/5/2025-26/1197, Dated: 25/02/2026

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ શરૂ

# વાપી સહિત રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં ચૂંટણી યોજાશેઃ તમામ મનપામાં ચૂંટણી અધિકારીની કરાઈ નિયુક્તિ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૫**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓમાં ચૂંટણી યોજાવાની તૈયારીઓ તેજ કરી દેવામાં આવી છે. વહીવટી તંત્ર દ્વારા સત્તાવાર કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે, તો બીજી તરફ વિરોધ પક્ષ કોંગ્રેસ પણ આ વખતે એક્શન મોડમાં જોવા મળી રહ્યો છે.

આ વખતે રાજ્યના નાના-મોટા મુખ્ય શહેરોમાં ચૂંટણીનો જંગ જામશે. જેમાં અમદાવાદ, રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા, જામનગર, કરમસદ-આણંદ, ગાંધીધામ, નડિયાદ, મહેસાણા, નવસારી, પોરબંદર, સુરેન્દ્રનગર, મોરબી અને વાપીનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચ દ્વારા પારદર્શી અને સુચારુ મતદાન માટે વહીવટી માળખું તૈયાર કરી દેવામાં આવ્યું છે.

આ પ્રક્રિયાની મુખ્ય વિગતોની વાત કરીએ તો તમામ ૧૫ મહાનગરપાલિકાઓમાં મુખ્ય ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી દેવામાં આવી છે. મુખ્ય અધિકારીઓને સહાયરૂપ થવા માટે મદદનીશ ચૂંટણી અધિકારીઓની પણ નિમણૂક કરવામાં આવી છે. વહીવટી સરળતા ખાતર પ્રત્યેક બે અથવા ત્રણ વોર્ડ દીઠ એક ચૂંટણી અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે, જેથી સ્થાનિક સ્તરે મોનિટરિંગ મજબૂત બની શકે.

સત્તાધારી પક્ષને ટક્કર આપવા માટે કોંગ્રેસે અત્યારથી જ પાયાનું કામ શરૂ કરી દીધું છે. કોર્પોરેશન અને પંચાયતની ચૂંટણીઓ માટે પક્ષ દ્વારા ખાસ રણનીતિ ઘડવામાં આવી છે. કોંગ્રેસે દરેક જિલ્લામાં ખાસ ચૂંટણી સમિતિઓની રચના કરી છે. જિલ્લા ચૂંટણી સમિતિ સ્થાનિક સ્તરે મજબૂત ઉમેદવારોના નામની પેનલ તૈયાર કરશે.

વોર્ડવાઈઝ અને બેઠકવાઈઝ દાવેદારો પાસેથી નામ મંગાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. દાવેદારો પોતાના નામ જિલ્લા સમિતિ સમક્ષ રજૂ કરી શકશે. જિલ્લા સમિતિ સ્થાનિક સ્તરે નામો પર વિચાર-વિમર્શ કરી પેનલ બનાવશે અને ત્યારબાદ આ નામોની યાદી પ્રદેશ ચૂંટણી સમિતિને આખરી મંજૂરી માટે મોકલવામાં આવશે.

નોંધનીય છે કે એક બાજુ તંત્ર ચૂંટણી માટે મશીનરી ગોઠવી રહ્યું છે, તો બીજી તરફ રાજકીય પક્ષોમાં ટિકિટ મેળવવા માટે લોબિંગ શરૂ થઈ ગયું છે. ખાસ કરીને ૧૫ મહાનગરપાલિકાઓના જંગમાં આ વખતે કોણ બાજી મારશે તેના પર સૌની નજર રહેશે.

# ચૂંટણીપંચ દ્વારા વલસાડ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો માટે સિમાંકન જાહેર : દિગ્ગજોની બેઠકોના હાલેલા કિલ્લાથી ઉડેલી ઊંઘ

### ગામોની અદલા બદલી, એસ.ટી., ઓબીસી તથા ૫૦ ટકા મહિલા અનામત રોટેશનની અસરથી તમામ રાજકીય સમીકરણ બદલાઈ જશે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા. ૨૫**

રાજ્ય ચૂંટણીપંચ દ્વારા વલસાડ જિલ્લા પંચાયતની અગામી ચૂંટણી અંતર્ગત કુલ ૩૬ બેઠકો માટે નવું સિમાંકન જાહેર કરવામાં આવ્યું છે. નવા સિમાંકનમાં ગામોની હેરાફેરી એસ.ટી., ઓ.બી.સી. તથા ૫૦ ટકા મહિલા અનામત અને રોટેશનની અસર અગામી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પડશે. તમામ રાજકીય સમીકરણ બદલાઈ જશે એ નક્કી છે.

વલસાડ જિલ્લાના કુલ છ તાલુકા પારડી, વલસાડ, ઉમરગામ, નાનાપોંઢા, કપરાડા અને ધરમપુર તાલુકાના ગામડાઓની કુલ વસ્તી આધારે જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો છે. નવા સિમાંકનથી એનક ગામડાઓની હેરાફેરી અને બેઠકોમાં ફેરફાર થઈ ગયો છે. એસ.ટી., ઓ.બી.સી. તથા સામાન્ય અને મહિલા અનામત ૫૦ ટકાની અસર સિમાંકનમાં જાહેર કરાઈ છે. તેથી વર્ષોથી કેટલાક રાજકીય દિગ્ગજોના ગઢમાં કાંગરા હલી ગયા છે. પોતાની મનપસંદ બેઠક માટે રાજકીય ગણિત બદલાઈ ચૂકયા છે. તેથી હવે ચૂંટણીની નવી એક્સરસાઈઝ તમામ રાજકીય પક્ષો અને નેતાઓના માથે આવી પડી છે. સત્તાવાર ચૂંટણી જાહેર થાય તે પહેલા રાજકીય પક્ષો જે તે ગામોનો અભ્યાસ હાથ ધરીને નવીન ચૂંટણી લડવાની કવાયત શરૂ કરી દેતા આજકાલમાં જોવા મળશે. નેતાઓએ હવે નવીન જમીન શોધવી પડશે એ નક્કી છે.

# વાપી મનપા દ્વારા એક માસમાં ૧૩૭ મિલકતોને તાળા મારી રૂ.૧.૦૮ કરોડની સ્થળ પર વસૂલાત કરાઈ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૨૫**





વાપી મહાનગરપાલિકાના ઘરવેરા વિભાગ દ્વારા ફેબ્રુઆરી માસ દરમ્યાન વિવિધ વિસ્તારોમાં ૧૩૭ મિલકતોને તાળા મારી સ્થળ ઉપર રૂ.૧.૦૮ કરોડની અને કુલ રૂ.૧.૯૩ કરોડની વેરા વસૂલાત કરવામાં આવી હતી.

વાપી મનપાના કમિશનરશ્રી યોગેશ ચૌધરીએ વેરો નહીં ભરતા મિલકતધારકો સામે કડક કાર્યવાહી કરવાની આપેલી સૂચનાના અનુસંધાને માર્ચ માસ સુધીમાં લક્ષ્યાંક પૂર્ણ કરવા ઘરવેરા વિભાગની ટીમ વેરા વસૂલાત ઝૂંબેશ કરી રહી છે. જે અંતર્ગત નોટિસો આપવા છતાં વેરો ભરવામાં મિલકતધારકો ઉદાસીન રહેતા વાપી નહેરૂ સ્ટ્રીટમાં ૧ ગેરેજ, ચલામાં બેન્કની હોમલોન શાખાને, ગોલ્ડન પોઈન્ટમાં ક્લિનિકને, નીલકંઠ આશીર્વાદમાં ૭ દુકાનોને, અશ્વમેઘમાં ૩ દુકાનોને, સહારા માર્કેટમાં ૧૧ ઓફિસોને, ખડકલા રોડ પર ૬ દુકાનો વગેરે મળી ૧૩૭ મિલકતોને તાળા મારવામાં આવ્યા હતા. ૧૫૨ મિલકત માલિકો પાસેથી સ્થળ ઉપર રૂ.૧.૦૮ કરોડની વસૂલાત કરવામાં આવી હતી.

હાલમાં લાંબા સમયથી વેરો ના ભરનારા ૩૨૦૦ જેટલા મિલકત ધારકોને નોટિસો આપવામાં આવી છે અને સીલીંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મિલકત ધારકોની સુવિધા માટે વેબસાઈટ vapicity.in પર ઓનલાઈન વેરો ભરવાની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત માર્ચ માસમાં જાહેર રજાના દિવસોમાં મહાનગરપાલિકાની કચેરીઓ પર વેરો સ્વીકારવાની સુવિધા ચાલું રાખવામાં આવશે.

માર્ચ-૨૦૨૬થી ૬% મુજબ દંડનીય વ્યાજ લાગનાર છે અને ૩૧ માર્ચ સુધીમાં વેરો ભરવામાં નહિ આવશે તો બાકી રકમ ઉપર ૧૨% વ્યાજ લાગી જશે. વેરો નહીં ભરનાર સામે મિલકત જપ્તીની કાર્યવાહી થતી હોય મિલકત ધારકોને પોતાનો પ્રોપર્ટી ટેક્ષ સમયસર ભરવા મનપાની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.


## જાહેર આભાર



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા મને પારડી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવા બદલ હું ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તથા વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ સહિત સૌનો હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરું છું.

**શ્રી કપિલકુમાર કાંતિભાઈ હળપતિ**
પ્રમુખ - પારડી શહેર કોંગ્રેસ સમિતિ


# સાચું બ્રહ્મચર્ય માત્ર શરીરથી નહીં, પણ દૃષ્ટિ અને વિચારથી પણ પાળવું પડે!

### આજના સમયમાં જ્યાં દૃષ્ટિનો સંયમ દુર્લભ બની રહ્યો છે, ત્યાં લક્ષ્મણજીનો આ ઉદાત્ત પ્રસંગ કળિયુગના સમુદ્રમાં આપણા માટે દીવાદાંડી સમાન નીવડે તેમ છે

## સિક્કાની ત્રીજી બાજુ





- સ્વામી ચિન્મયદાસ

રામાયણમાં કિશ્કિંધા કાંડમાં લક્ષ્મણની પ્રતિભા દર્શાવતો એક અદ્ભુત પ્રસંગ વર્ણવ્યો છે.

પંચવટીથી રાવણે છળકપટથી સીતાજીનું અપહરણ કરી આકાશ માર્ગે લંકા તરફ પ્રસ્થાન કર્યું.

લૌકિક દૃષ્ટિએ આ વાતથી અજાણ શ્રી રામચંદ્રજી અને લક્ષ્મણજી સીતાજીની શોધ કરતાં કરતાં પંપા સરોવર પાસે આવેલા ઋષ્યમૂક પર્વત પર પહોંચ્યા. અહીં તેમની વાનરોના સેનાપતિ સુગ્રીવ સાથે મુલાકાત થઈ.

રામચંદ્રજીએ સુગ્રીવને સીતાજીના અપહરણની વિસ્તારપૂર્વક વાત કરી. સીતાજી અંગે તેમને કોઈ જાણકારી હોય કે તેમની શોધમાં તે સહાયભૂત થઈ શકે કે કેમ? એવી રામચંદ્રજીની વિનંતી સાંભળી સુગ્રીવને ઝબકારો થયો.

તેણે કહ્યું, ''થોડાં સમય પહેલાં અમે ચાર-પાંચ વાનરો આ પર્વતની ટોચ પર બેઠાં હતાં ત્યારે આકાશ માર્ગે એક કદાવર વ્યક્તિ એક સ્ત્રીનું અપહરણ કરી જતી જોઈ હતી. તે સ્ત્રી 'હે રામ, હે રામ' એવો આક્રંદ કરી રહી હતી. અમને જોતાં જ તેણીએ સમયસુચકતા વાપરી એક કપડાંની નાની પોટલી અમારાં તરફ ફેંકી હતી. તેમાં ઘરેણાં હતાં!''

સીતાજીને આશા હતી કે, ''આ તરકીબ જરૂર રામચંદ્રજીને મારી ભાળ મેળવવા ઉપયોગી નીવડશે!''

અને... એ તરકીબ સાર્થક નીવડી.

સુગ્રીવની વાત સાંભળતાં જ રામચંદ્રજી વિહ્વળ થઈ ગયાં.

''એનું રૂપ અને વસ્ત્રો જોતાં એવું લાગતું હતું કે તે કોઈ રાજકુંવરી હશે!'' સુગ્રીવે વિચક્ષણતા દર્શાવી.

''અમે તો વિસ્મયપૂર્વક બધું જોતાં રહ્યાં.'' બીજા વાનરોએ સાક્ષી પુરાવી.

''ભાઈ, એ નક્કી સીતાજી જ હશે!'' લક્ષ્મણે રામચંદ્રજીના ખભે હાથ મૂકી આશ્વાસન આપ્યું.

સીતાજીની થોડી ભાળ મળતાં જ રામચંદ્રજીનો કંઠ રૂંધાઈ ગયો. માથા પરની જટાના મુખ પર લહેરાતાં વાળ આંસુઓના પ્રવાહથી નીતરવા લાગ્યાં. આ દૃશ્યથી વાતાવરણ ગમગીન બની ગયું. ત્યાં તો સુગ્રીવના આદેશથી એક વાનર પથ્થરની બખોલમાં છુપાવેલી પેલી પોટલી લઈ આવી પહોંચ્યો.

પોટલીનું વસ્ત્ર જોતાં જ રામચંદ્રજીના મુખમાંથી ''હે સીતે'' નો નિઃશ્વાસ નીકળી ગયો. રામચંદ્રજીની જિજ્ઞાસાનો અંત આવી ગયો. ''હા, આ સીતાજીનું જ ઉપવસ્ત્ર છે!''

પેલા વાનર પાસેથી પોટલીને ઝૂંટવી તેમણે તેને હૃદય સરસી ચાંપી દીધી! તેમના ખભે રહેલું ધનુષ ક્યારે સરી પડ્યું? તેનો પણ તેમને ખ્યાલ ન રહ્યો. તેમણે ઝડપથી નજીકના એક સપાટ પથ્થર પર પોટલી છોડી! આછાં સૂર્યના પ્રકાશથી ઘરેણાંના ચળકાટથી સૌની આંખો અંજાઈ ગઈ.

જો કે અતિ વિહ્વળતાને કારણે રામચંદ્રજી આ ઘરેણાં સીતાજીના જ છે તેવો નિશ્ચય ન કરી શક્યાં!

તેમણે લક્ષ્મણ સામે દૃષ્ટિ કરી. ''ભાઈ, આ સીતાના ઘરેણાં છે તેવું તું કહી શકે ખરો!''

લક્ષ્મણે એક પછી એક ઘરેણાં બારીકાઈથી જોવાં પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ પણ 'સીતાજીના જ આ ઘરેણાં છે' તેવો નિર્ણય ન કરી શક્યા!

સૌમાં સન્નાટો છવાઈ ગયો. રામચંદ્રજીની રહી સહી આશા પર પાણી ફરી વળ્યું!

ત્યાં જ લક્ષ્મણજીની એક ઝાંઝર પર નજર પડી! ''આ તો માતાજીનું ઝાંઝર છે!'' લક્ષ્મણજીના આ શબ્દે વિખેરાયેલાં વાનરો એકત્રિત થઈ ગયાં.

''પરંતુ લક્ષ્મણ ! તું આવું કઈ રીતે કહી શકે? બાકીના આભૂષણો કેમ ન ઓળખી શક્યો?'' શ્રીરામચંદ્રજીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

લક્ષ્મણે માથું નમાવી કહ્યુંઃ

નૈતદ્ જાનામિ કેયૂરે, નૈતદ્ જાનામિ કુંડલે.
નૂપુરે ત્વેવ જાનામિ, નિત્યં પાદાભિવંદનાત્.

''પ્રભુ, મેં કદી માતાજીના રૂપને જોયું નથી; માત્ર તેમના ચરણોમાં જ મારો દૃષ્ટિભાવ રહ્યો છે. હું દરરોજ માતાજીના ચરણસ્પર્શ કરતો અને માત્ર એમના ચરણો જ નિહાળતો. ત્યારે આ ઝાંઝર નજરે પડતાં. તેથી મને કુંડળ, કેયુર કે કંદોરાનો ખ્યાલ નથી!''

લક્ષ્મણજીના આ ઉત્તરથી સૌ નિરુત્તર બની ગયાં.

વર્ષો સુધી સાથે રહેવા છતાં આવો દૃષ્ટિસંયમ રાખવો એ લક્ષ્મણજીની એક અપૂર્વ સિદ્ધિ હતી. સીતાજી ભલે ભાભી હોય, છતાં તેમણે તેમને માતા સમાન માન્યા.

લક્ષ્મણજીએ ક્યારેય તેમની પત્ની ઉર્મિલા સિવાય બીજી કોઈ સ્ત્રી તરફ જોયું ન હતું. લક્ષ્મણનો આ પ્રસંગ ઊંચી મર્યાદા, શિષ્ટાચાર અને બ્રહ્મચર્યવ્રતનું પ્રતિક છે.

આજના મોબાઈલ-યુગમાં દૃષ્ટિભ્રમ અને વિચારોના પ્રહાર વચ્ચે લક્ષ્મણજીનું આ આદર્શ કેટલું પ્રાસંગિક છે. ડિજિટલ યુગમાં જ્યાં એક ક્લિકથી મન ભટકી જાય છે, ત્યાં લક્ષ્મણજીનો દૃષ્ટિનો સંયમ જીવનનું કવચ બની ઊભો રહે છે.

અનૈતિકતા અને સંબંધવિખંડનની સમસ્યાઓથી ઘેરાયેલા અશાંત વિશ્વમાં આપણે વ્યક્તિગત રીતે સૌએ આપણાં શાસ્ત્રોમાં દર્શાવેલાં પાત્રોના ઉચ્ચ આદર્શો અપનાવવા ઉત્સુક રહેવું જરૂરી બન્યું છે.

લક્ષ્મણજીના આ આદર્શ વર્તનમાંથી ત્રણ મહાન પાઠ મળે છેઃ

- મર્યાદા - સંબંધોને પવિત્ર બનાવે છે.
- ઈન્દ્રિયસંયમ - મનને મજબૂત બનાવે છે.
- નમ્રતા - ભક્તિને દિવ્ય બનાવે છે.

આથી જ લક્ષ્મણને ''દૃષ્ટિસંયમ અને મર્યાદાનું જીવંત સ્વરૂપ'' કહેવાય છે.

આ પ્રસંગમાંથી પ્રેરણા લઈએ તો સમજાય કે, 'સાચું બ્રહ્મચર્ય માત્ર શરીરથી નહીં, પણ દૃષ્ટિ અને વિચારથી પણ પાળવું પડે!'

લક્ષ્મણજી બતાવે છે કે, 'મહાનતા શક્તિમાં નહીં, સંયમમાં છે. મનનો સંયમ એ જ સાચો વિજય છે.'

# વાપી નોટિફાઈડ એરિયા ઓથોરિટીમાં નવી ટર્મ માટે ચેરમેન તરીકે ઉદ્યોગપતિ મગનભાઈ સાવલીયાની વરણી

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૨૫**



વાપી નોટિફાઈડ એરિયા ઓથોરિટી માટે નવી ટર્મ ૨૦૨૬-૨૦૨૭ સુધીના ચેરમેન તરીકે જાણીતા ઉદ્યોગપતિ મગનભાઈ સાવલીયાની વરણી સર્વાનુમતે થઈ છે. આગામી ટર્મ માટે નોટિફાઈડની બાગડોળ મગનભાઈ સાવલીયા સંભાળશે.

વાપી જી.આઈ.ડી.સી. ઓફિસમાં મળેલી મિટીંગમાં નવી ટર્મ માટે નોટિફાઈડ એરિયા ઓથોરિટીના ચેરમેન તરીકેની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ચર્ચા બાદ સર્વાનુમતે મગનભાઈ સાવલીયાને નવી ટર્મ માટે વરણી કરવામાં આવી હતી. વર્તમાન ચેરમેન યોગેશ કાબરીયાની ટર્મ પુરી થતા નવી ટર્મ માટે નિર્ણય લેવાયો છે. મીટીંગમાં વી.આઈ.એ. પ્રમુખ સતિષભાઈ પટેલ, વર્તમાન ચેરમેન યોગેશ કાબરીયા, વી.આઈ.એ. સેક્રેટરી તથા નોટિફાઈડ અધિકારી સહિત અગ્રણી ઉદ્યોગતિ અને નોટિફાઈડ અધિકારી સહિત અગ્રણી ઉદ્યોગપતિ અનો નોટિફાઈડ બોર્ડના ડિરેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા તેમજ નવા ચેરમેન મગનભાઈ સાવલીયાને શુભેચ્છાઓ પાઠવી હતી.

# કરવડ રોડ ઉપર ચાલુ કારમાં ભીષણ આગ લાગી



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૨૫**

વાપી કરવડ રોડ ઉપર બુધવારે સાંજના સુમારે એક ચાલુ કારમાં ભીષણ આગ લાગી હતી. આગના બનાવને લઈ વાહન વહેવાર થંભી ગયો હતો. જોકે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી આગ બુઝાવી દીધી હતી.


## PUBLIC NOTICE

**DATED: 23/02/2026**

Notice is hereby given to the Public at large that My Father Shri. Kalan Bhangiya alias Calan Banguia and My Aunt Smt. Kankuben Akhkhu are attempting to Sell the Lands bearing S. No. 98/2, adm. 3100 Sq. Mts. of Bhamti and S. No. 66/4, adm. 600 Sq. Mts. of Damanwada, Moti Daman. That I am having all kind of right, title, interest and share in the abovesaid Lands, being the Surviving Legal Heir.

Therefore, all Persons, Institutions, Societies or any other Legal Establishment, are hereby informed, not to enter into any kind of Sale Transaction or any kind of transaction with the above said persons, either personally or through any agent, with respect to the abovesaid Lands, in order to avoid multiplicity of litigation.

From:-
**Shri. Mukesh Calan,**
House No. 157/1,
Bhathaiya, Moti Daman.
Mobile No. 9359900456

**Sd/-**
**(Mukesh Calan)**